RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 110 Dt. 13-11-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT



# દિલ્હી બ્લાસ્ટ આતંકી કૃત્ય

## સરકારે હુમલાની કરી સ્વીકૃતિ પસાર કર્યો ઠરાવ : આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ માટે માંડ્યું પગલું

નવીદિલ્હી, તા. ૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કાર વિસ્ફોટ સંડોવતી આતંકવાદી ઘટનામાં થયેલી જાનહાનિ પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. કેબિનેટે નિર્દોષ જીવોના સન્માનમાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. એટલું જ નહીં કેન્દ્રીય કેબિનેટ દ્વારા ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો જેમાં

દેશે ૧૦ નવેમ્બર ૨૦૨૫ની સાંજે લાલ કિલ્લા નજીક કાર વિસ્ફોટ દ્વારા રાષ્ટ્ર વિરોધી દળો દ્વારા આચરવામાં આવેલી એક ઘૃણાસ્પદ આતંકવાદી ઘટના જોઈ છે. આ વિસ્ફોટના પરિણામે અનેક લોકોના મૃત્યુ થયા છે, અને અન્ય ઘણાને ઈજા પહોંચી છે.

હિંસાના આ સંવેદનહીન કૃત્યના પીડિતો પ્રત્યે કેબિનેટ પોતાનો આદર વ્યક્ત કરે છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વકની સંવેદનાઓ જાહેર કરે છે. કેબિનેટ ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોની ઝડપી સ્વસ્થતા માટે પ્રાર્થના કરે છે, અને તબીબી કર્મચારીઓ અને કટોકટી પ્રતિસાદકર્તાઓના ત્વરિત પ્રયાસોની પ્રશંસા કરે છે, જેમણે પીડિતોને સંભાળ અને સમર્થન પૂરું પાડ્યું છે. કેબિનેટ આતંકવાદના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ માટે ભારતની અડગ પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરે છે.

કેબિનેટે વિશ્વભરની ઘણી સરકારો તરફથી આવેલા એકતા અને સમર્થનના નિવેદનોની પણ પ્રશંસા કરે છે. કેબિનેટ પ્રતિકૂળતાનો સામનો કરવામાં હિંમત અને કરુણા સાથે કાર્ય કરનારા સત્તાવાળાઓ, સુરક્ષા એજન્સીઓ અને નાગરિકોના સમયસર અને સંકલિત પ્રતિસાદની પ્રશંસાપૂર્વક નોંધ લે છે. તેમનું સમર્પણ અને ફરજની ભાવના ખરેખર પ્રશંસનીય છે. કેબિનેટે નિર્દેશ આપ્યો છે કે આ ઘટનાની તપાસ સૌથી વધુ તાકીદ અને વ્યાવસાયીકરણ સાથે હાથ ધરવામાં આવે જેથી ગુનેગારો, તેમના સહયોગીઓ અને તેમના પ્રાયોજકોને ઓળખી શકાય અને વિલંબ કર્યા વિના ન્યાયના કઠેડામાં લાવી શકાય. સરકારના ઉચ્ચતમ સ્તરે પરિસ્થિતિ પર સતત નજીકથી દેખરેખ રાખવામાં આવી રહી છે. કેબિનેટ રાષ્ટ્રીય સુરક્ષા અને દરેક નાગરિકની સલામતી પ્રત્યેની તેની અવિશ્વસનીય પ્રતિબદ્ધતાને અનુરૂપ, તમામ ભારતીયોના જીવન અને કલ્યાણની સુરક્ષા કરવાના સરકારના અડગ સંકલ્પની પુનઃ પુષ્ટિ કરે છે.

# ગંભીર આરોપોનો સામનો કરનાર મંત્રીઓને હટાવવા સમિતિની રચના

## ભાજપના સાંસદ અપરાજિતા સારંગીની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની સંસદીય સંયુક્ત સમિતિનું ગઠન



નવીદિલ્હી, તા. ૧૨

બુધવારે ભાજપના સાંસદ અપરાજિતા સારંગીની અધ્યક્ષતામાં ૩૧ સભ્યોની સંસદીય સંયુક્ત સમિતિની રચના કરવામાં આવી હતી, જે કેન્દ્ર અને રાજ્ય સરકારોમાંથી પ્રધાનોને, જેમાં વડા પ્રધાન અને મુખ્યમંત્રીઓ સહિત, ગંભીર ગુનાહિત આરોપોનો સામનો કરી રહ્યા છે, દૂર કરવાની જોગવાઈ ધરાવતા ત્રણ બિલોની સમીક્ષા કરશે. ભારત બ્લોકે સમિતિનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. વિપક્ષે દલીલ કરી છે કે પ્રસ્તાવિત કાયદો દુર્ભાવનાપૂર્ણ છે અને એવી સમિતિમાં ભાગ લેવાનો કોઈ અર્થ નથી જ્યાં ભાજપ બહુમતીમાં હશે. વિપક્ષે બોફોર્સ કેસ પર ૧૯૮૭ની સંયુક્ત સંસદીય સમિતિ (JPC)નું ઉદાહરણ પણ આપ્યું, જેનો છ મુખ્ય વિપક્ષી પક્ષોએ બહિષ્કાર કર્યો હતો.

ભારત બ્લોક સિવાય, NCP શરદ પવારના નેતા સુપ્રિયા સુલે સંસદીય સમિતિમાં જોડાયા છે. AIMIM ના અસદુદ્દીન ઓવૈસી, YSRના એસ. નિરંજન રેડ્ડી અને અકાલી દળના હરસિમરત કૌલ બાદલ પેનલમાં અન્ય વિપક્ષી સભ્યો છે. નામાંકિત રાજ્યસભા સાંસદ સુધા મૂર્તિ પણ સમિતિનો ભાગ છે. બીજુ જનતા દળ (BJD) ને પણ સમિતિમાં જોડાવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેમણે કોઈ પ્રતિભાવ આપ્યો ન હતો. ગૃહમંત્રી અમિત શાહે ૨૦ ઓગસ્ટના રોજ ચોમાસુ સત્ર દરમિયાન નીચલા ગૃહમાં આ બિલો રજૂ કર્યા પછી તરત જ લોકસભાએ સંયુક્ત સમિતિને મોકલવાનો ઠરાવ પસાર કર્યો. ગૃહમંત્રી દ્વારા રજૂ કરાયેલા ત્રણ બિલ છેઃ બંધારણ (એકસો પાંત્રીસમો સુધારો) બિલ, ૨૦૨૫; જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારો) બિલ, ૨૦૨૫; અને કેન્દ્રશાસિત પ્રદેશો સરકાર (સુધારો) બિલ.

# કૃષિ રાહત પેકેજમાં ૧૯૦ કરોડનો વધારો

## ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રીએ લીધો મહત્વનો નિર્ણય : ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં અનેક નિર્ણયો લેવાયા



રાજકોટ , તા. ૧૨

હાલ માવઠાને લઈ ખેડૂતોને ખૂબ વ્યાપક પ્રમાણમાં ખેત નુકસાની વેઠવી પડી હતી. જે બાદ રાજ્ય સરકારે સંવેદનશીલ નિર્ણય લઈ કૃષિ રાહત પેકેજ પણ જાહેર કર્યું હતું એટલું જ નહીં હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ પિયત અને બિનપિયતમાં પણ એક સમાન સહાય આપવાનો નિર્ણય લીધા બાદ ગઈકાલે ફરી એક વખત મુખ્યમંત્રી દ્વારા રાહત પેકેજમાં વધુ ૧૯૦ કરોડનો ઉમેરો કરવાનો નિર્ણય લીધો છે જેનાથી ખેડૂતોને કોઈ પણ પ્રકારની આર્થિક સંકળામણનો સામનો ન કરવો પડે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં આ અંગે મુખ્યમંત્રી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો જેની જાહેરાત પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણી દ્વારા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ વિરોધ પક્ષ દ્વારા પણ આ અંગે સરકારને ઘેરવામાં આવ્યું હતું પરંતુ સંવેદનશીલ અને મૃદુ નિર્ણયના કારણે હાલ રાજ્યના ખેડૂતોને આર્થિક નુકસાની નો સામનો ન કરવો પડે તે માટેનો નિર્ણય લેવામાં આવેલો છે એમાં ઉતરોતર મુખ્યમંત્રી દ્વારા ખેડૂતલક્ષી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે અને આર્થિક સહાય પણ પૂરી પાડવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ વિષયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં તાજેતરના વરસેલા કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ અભિગમથી જાહેર કરેલા અગાઉ રૂ. ૯૪૭ કરોડ અને તાજેતરમાં રૂ. ૧૦,૦૦૦ કરોડના એમ બે ઉદારતમ કૃષિ રાહત પેકેજ બદલ રાજ્ય મંત્રી મંડળે તેમને ગુજરાતના ખેડૂતો વતી અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ ઉદાર અભિગમ અપનાવીને અગાઉના ૯૪૭ કરોડના પેકેજમાં પિયત અને બિન પિયત માટે એક સમાન ધોરણે સહાય આપવાનો નિર્ણય કરતાં વધુ રૂ. ૧૯૦ કરોડ ફાળવતા સહાય પેકેજની રકમ હવે રૂ. ૧૧૩૭ કરોડ થઈ છે. આમ, સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદનો માર સહન કરેલા ધરતીપુત્રોને રાજ્ય સરકાર દ્વારા કુલ ૧૧,૧૩૭ કરોડનું માતબર પેકેજ મુખ્યમંત્રીએ આપ્યું છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પણ ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી છે. ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરેલા છઠ્ઠા નેશનલ વોટર એવોર્ડ્સમાં ગુજરાતે જળ સંરક્ષણ ક્ષેત્રે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત શ્રેષ્ઠ સિવિલ સોસાયટી શ્રેણીમાં બનાસ ડેરીને પ્રથમ સ્થાન, શ્રેષ્ઠ ઇનસાઇડ કેમ્પસ શ્રેણીમાં ઈઈઝ-ગાંધીનગરને પ્રથમ સ્થાન તેમજ શ્રેષ્ઠ અર્બન લોકલ બોડી શ્રેણીમાં ભાવનગર મહાનગરપાલિકાને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ માટે પણ રાજ્ય મંત્રી મંડળની બેઠકે અભિનંદન પાઠવ્યા હતા, તેમ તેમણે ઉમેર્યું હતું.

## ભારતીય નેશનલ જનતા દળ પાર્ટીના સંજય ગજેરા પર તપાસ : રાજકીય પક્ષોમાં ખળભળાટ , દસ્તાવેજો સહિતના ડિજિટલ ડેટાની ચકાસણી શરૂ

# રાજકીય પક્ષો પર ઈન્કમટેક્સનું મેગા ઓપરેશન

## અમદાવાદ, ગાંધીનગર, સુરત ખાતે વહેલી સવારથી સર્ચ ઓપરેશન : રાજકોટ કનેક્શન ખુલે તેવી સંભાવના : ઓછા મત મળ્યા બાદ માન્યતા ગુમાવનાર રાજકીય પક્ષો ITની રડારમાં

અમદાવાદ, તા. ૧૨

ચૂંટણીમાં ખૂબ ઓછા મત મેળવનારા પક્ષોને રજિસ્ટર્ડ અમાન્ય પક્ષો કહેવામાં આવે છે. આ પક્ષો ચૂંટણી પંચમાં નોંધાયેલા છે, પરંતુ તેમની મત સંખ્યા ઓછી હોવાથી તેમને માન્યતા પ્રાપ્ત માનવામાં આવતી નથી. ગુજરાતમાં આવા પાંચ રજિસ્ટર્ડ પક્ષોને છેલ્લા પાંચ વર્ષમાં યોજાયેલી બે લોકસભા અને એક વિધાનસભા ચૂંટણીમાં કુલ ૨૨,૦૦૦ મત મળ્યા હતા. તેમણે રાજ્યમાં કુલ ૧૭ ઉમેદવારો ઉભા રાખ્યા હતા. અઉછ રિપોર્ટ મુજબ, ૨૦૧૯-૨૦ થી ૨૦૨૩-૨૪ સુધી આ પાંચ પક્ષોની કુલ આવક ₹૨,૩૧૬ કરોડ છે, જ્યારે તેમની વાર્ષિક આવક ₹૧,૧૫૮ કરોડ છે. દેશમાં સૌથી વધુ કમાણી કરતા પાંચ પક્ષો ગુજરાતના છે. ભારતીય જનતા પાર્ટી ₹૯૫૭ કરોડની આવક સાથે યાદીમાં ટોચ પર છે.

ભારતીય રાષ્ટ્રીય જનતા દળના સ્થાપક સંજય વિઠ્ઠલભાઈ ગજેરા ગાંધીનગરના સેક્ટર ૨૬ના કિસાન નગરમાં રહે છે. આવકવેરા અધિકારીઓની એક ટીમે પાંચ વાહનો સાથે તેમના ઘરે દરોડો પાડ્યો હતો, જેનાથી સનસનાટી મચી ગઈ હતી. વધુમાં, આવકવેરા ટીમે સેક્ટર ૧૧માં મેઘ મલ્હાર કોમ્પ્લેક્સમાં સંજય ગજેરાની ઓફિસ અને ગ્રીન સિટીમાં તેમના ડ્રાઇવરના ઘરે દરોડા પાડ્યા હતા. હાલમાં, આવકવેરા ટીમ સંજય ગજેરાના ઘરે સ્થાવર અને જંગમ મિલકતના દસ્તાવેજો અને પુરાવાઓની તપાસ કરી રહી છે. કેટલાક પડોશીઓને પણ સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા છે. વહેલી સવારથી પોલીસ સુરક્ષા સાથે, આવકવેરા ટીમના દરોડાએ સોસાયટીના સ્થાનિકોમાં ઉત્સુકતા જગાવી છે. અમદાવાદમાં ડઝનથી વધુ સ્થળોએ ઈન્કમટેક્સ દ્વારા ઓપરેશન કરાયું છે તેમાં આવા પક્ષો સાથે સંકળાયેલા આગેવાનો નિશાન બન્યા છે.

આવકવેરા વિભાગનાં સુત્રોએ કહ્યું કે, અમદાવાદ ઉપરાંત, સુરત, વડોદરા, રાજકોટ, સહિતનાં શહેરોમાંથી અધિકારીઓની ટીમોને દરોડામાં સામેલ કરવામાં આવી હતી. આ રેડમાં કરોડોના નાણાકીય વ્યવહારો તથા ટેકસ ચોરીનો




ખુલાસો થઈ શકે છે. ચેકથી દાનનાં નામે મોટી રકમ મેળવ્યા બાદ કમિશન કાપીને રોકડ પરત કરીને ટેકસ ચોરીની આ મોડસ ઓપરેન્ડી છે.

સૂત્રોના કહેવા મુજબ ગોવિંદ વણઝારાએ ઋદ્ધિંટ ઈન્ફ્રા નામે કંપની શરૂ કરી હતી. જે ઓફિસ નક્ષત્ર કાવ્ય રત્ન ખાતે આવેલી છે. આમ તો ગોવિંદ વણઝારાએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. વિધાનસભા ચૂંટણી સમયે ભાજપમાંથી વર્ષ ૨૦૨૨ માં દક્ષિણ વિધાનસભા બેઠકની ટિકિટ માંગી હતી. પરંતુ મેળ પડ્યો ન હતો. એટલે આમ આદમી પાર્ટી માંથી ટિકિટ મળે એવા અંદર ખાને પ્રયાસો પણ કર્યા હતા. આ કાર્યવાહીના પગલે રાજકીય ક્ષેત્રમાં ખળભળાટ સર્જાયો છે. ગાંધીનગરમાં ભારતીય નેશનલ જનતા દળના વડા સંજય વિઠ્ઠલભાઈ ગજેરાના ઘર-ઓફિસે પડેલી ઈંઝ રેડ અંગે સૂત્રોએ જણાવ્યું કે, પાર્ટીના મૂળ સ્થાપક વિઠ્ઠલ ગજેરા છે. જેઓનું કોરોના દરમિયાન અવસાન થતાં પાર્ટીનું સમગ્ર સંચાલન સંજય ગજેરાના હાથમાં આવ્યું હતું.

રાજકીય દાનના નામે મોટી કરચોરીની યોજના ચલાવવામાં આવી રહી હોવાનું જોવા મળ્યું હતું. ચૂંટણી પંચે તાજેતરમાં આવી પાર્ટી ઓને ઠપકો આપ્યો હતો અને તેમને અમાન્ય જાહેર કર્યા હતા. એવું જોવા મળ્યું હતું કે નાની દુકાનો અથવા ઓફિસો ચલાવતી આવી પાર્ટીઓ રાજકીય દાનની આડમાં મોટી કરચોરીની યોજનામાં સામેલ હતી. સંજય ગજેરાની પાર્ટી, ભારતીય રાષ્ટ્રીય જનતા દળે ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણી લડી હતી. પાર્ટીના આઠ ઉમેદવારોને ૧૧,૪૯૬ મત મળ્યા હતા અને કુલ ₹૯૫૭ કરોડનું દાન મળ્યું હતું.

વિઠ્ઠલ ગજેરા સૌરાષ્ટ્રથી ગાંધીનગર આવ્યા હતા અને ખાદ્ય તેલનો વ્યવસાય શરૂ કર્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિઠ્ઠલ ગજેરા મૂળ સૌરાષ્ટ્રના છે. ગાંધીનગર આવ્યા પછી, તેણે ખાદ્ય તેલનો વ્યવસાય શરૂ કર્યો. ઘણા વર્ષો સુધી તેની ઓફિસ અથવા દુકાન સેક્ટર ૨૪ મેઈન શોપિંગમાં હતી. બાદમાં, તેણે સેક્ટર ૨૪માં ગેરકાયદેસર સોલવન્ટનો વ્યવસાય શરૂ કર્યો. આ સંદર્ભે પોલીસ કેસ નોંધાયેલો છે. તેઓ ફોજદારી કેસમાં પણ સંડોવાયેલા હતા. પક્ષના નામે હવાલા દ્વારા કરોડો રૂપિયાની આવક મોકલવામાં આવતી હતી, જેનો એક ભાગ સંજય ગજેરા પાસે ગયો હતો. બાદમાં, વિઠ્ઠલ ગજેરા રાજકીય રીતે જાગૃત થયા હતાં.

# બિરસા મુંડાજીની જન્મ જયંતીની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ગુજરાતમાં

## ૧૫મીએ ડેડીયાપાડા ખાતે વડાપ્રધાન રહેશે ઉપસ્થિત : સમગ્ર તૈયારીઓની સમીક્ષા : વડાપ્રધાન ૮૪૦૦ કરોડના વિકાસ કામોની આપશે ભેટ

રાજકોટ, તા. ૧૨

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતા હેઠળ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે આગામી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. આ ઉજવણી દરમિયાન વડાપ્રધાન રૂ. ૮,૪૦૦ કરોડથી વધુના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને ગુજરાતને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે. આ ઉપરાંત વડાપ્રધાન આદિવાસીઓના આસ્થાના કેન્દ્ર સમાન દેવમોગરા માતાજીના દર્શનાર્થે પણ જશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં વડાપ્રધાનના કાર્યક્રમની સંપૂર્ણ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી, તેમ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ઉપરાંત રાજ્યના વિવિધ સ્થળો ખાતે પણ રાજ્ય મંત્રી મંડળના સભ્યઓ, સાંસદઓ, ધારાસભ્યઓ તેમંજ વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કાર્યક્રમો યોજાશે.

પ્રવક્તા મંત્રી વાઘાણીએ આ અંગે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે સમગ્ર દેશમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરતી અનેક ઐતિહાસિક ઉજવણીઓ કરવામાં આવી રહી છે. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ, બંધારણ અંગીકરણના ૭૫ વર્ષ, પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ શતાબ્દી તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.



સમાજના છેવાડાના, વંચિત અને આદિજાતિઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે હરહંમેશ પ્રયાસો કર્યા છે. એટલું જ નહિ, તેમણે આદિજાતિએ આઝાદી સંગ્રામમાં આપેલા યોગદાનને બિરદાવીને વિરાસત ભી વિકાસ ભીના મૂળ મંત્રને સાર્થક કર્યો છે. આઝાદીના દશકો સુધી આદિજાતિઓની ઉપેક્ષા થતી રહી હતી, ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ સમાજના વિકાસ તથા તેમનું ગૌરવ વધારવા માટે અનેક મહત્વના પગલાં લીધા છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૧થી તા. ૧૫, નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાના જન્મદિવસને સમગ્ર દેશમાં ‘જનજાતિય ગૌરવ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે, ભગવાન બિરસ મુંડાની ૧૫૦ વર્ષની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં તા. ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન વિવિધ રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના ૧૪ આદિજાતિ વિસ્તારોમાં બે રૂટમાં જનજાતિય ગૌરવ યાત્રાનું આયોજન કરાયું છે. એક યાત્રાનો પ્રારંભ અંબાજીથી તથા બીજી યાત્રાનો પ્રારંભ ઉમરગામથી કરવામાં આવ્યો છે.

આ ઉજવણી નિમિત્તે ૨૦ બિનઆદિજાતિ જિલ્લાઓમાં પણ તા. ૧૩ થી ૧૫ નવેમ્બર સુધી સેવાસેતુ, આરોગ્ય શિબિર, સ્વચ્છતા અભિયાન અને બિરસા મુંડાના જીવન પર આધારિત નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં, દેવમોગરા માતાજીના સાંનિધ્યમાં ડેડિયાપાડા ખાતે આ રાષ્ટ્રીય કક્ષાની ભવ્ય ઉજવણીમાં તા. ૧૫ નવેમ્બરે એકતાનગર ખાતે ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત વિશેષ નાટ્ય પ્રસ્તુતિ પણ રજૂ કરવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

# પ્રભાસ પાટણમાં ગેરકાયદે દબાણો પર બુલડોઝર

## ખુલ્લી કરાયેલ સરકારી જમીન નાગરિકો માટે રમતના મેદાન, ગાર્ડન લાયબ્રેરી અને દવાખાના જેવી સુવિધાઓ માટે ઉપયોગમાં લઈ શકાશે



રાજકોટ, તા. ૧૨

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના કડક આદેશોથી રાજ્યભરમાં સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ વિસ્તારમાં ગઈકાલે તંત્ર દ્વારા મોટા પાયે ડિમોલેશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નાગરિકો માટે રમતના મેદાન, ગાર્ડન, લાયબ્રેરી અને દવાખાના જેવી સુવિધાઓ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સરકારી જગ્યાઓ પર ઊભા કરી દેવાયેલા તમામ ગેરકાયદે દબાણો પર દાદાનું બુલડોઝર ફરશે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ વિસ્તારમાં તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલ ૧૨ ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આ દબાણોમાં એક ધાર્મિક દબાણ (દરગાહ), ત્રણ દુકાનો અને આઠ રહેણાંક મકાનોનો સમાવેશ થાય છે.

આ કાર્યવાહીમાં આશરે દોઢ કરોડથી વધુ કિંમતની ૧૩૦૦ થી ૧૪૦૦ ચોરસ મીટર સરકારી જમીન ગેરકાયદે દબાણમુક્ત કરવામાં આવી છે. જોકે, ડિમોલેશનની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી હતી ત્યારે એક ધાર્મિક દબાણ હટાવતી વખતે અચાનક મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ટોળાએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પરિસ્થિતિ બેકાબૂ બનતા ટોળાને નિયંત્રિત કરવા માટે પોલીસે લાઠીચાર્જ અને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી. આ ઘર્ષણમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા. પોલીસે સમગ્ર ઘટના અંગે કડક વલણ અપનાવીને ટોળામાં ઘૂસી આવેલા અને કાયદો-વ્યવસ્થાનો ભંગ કરનારા તત્વો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડિમોલેશનની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી હતી ત્યારે એક ધાર્મિક દબાણ હટાવતી વખતે અચાનક મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ટોળાએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પરિસ્થિતિ બેકાબૂ બનતા ટોળાને નિયંત્રિત કરવા માટે પોલીસે લાઠીચાર્જ અને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી. આ ઘર્ષણમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા. પોલીસે સમગ્ર ઘટના અંગે કડક વલણ અપનાવીને ટોળામાં ઘૂસી આવેલા અને કાયદો-વ્યવસ્થાનો ભંગ કરનારા તત્વો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સોમવાર અને મંગળવારે ફરજીયાત મંત્રીઓએ જાહેર જનતા અને જન પ્રતિનિધિઓ માટે રહેવું પડશે હાજર : પ્રભારી મંત્રીઓ એ તેમના વિસ્તારના ચાલુ પ્રોજેક્ટ અને રોડ સ્થિતિની સમીક્ષા કરવા અને તેની પ્રગતિ માટે જરૂરી ફોલોઅપ લેવું પડશે

# લોકહિતને પ્રાથમિકતા આપો : CM

રાજકોટ, તા. ૧૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની ગુજરાત સરકાર સામાન્ય માનવીથી લઈને ગરીબ, વંચિત અને ગ્રામીણ વિસ્તારના લોકોનું જીવન સુવિધાસભર બને તે માટે ઈઝ ઓફ લિવિંગના અભિગમ સાથે જનકલ્યાણ માટે આગળ વધી રહી છે. ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ બેઠકમાં રાજ્ય મંત્રી મંડળને અનિવાર્ય સંજોગો સિવાય અઠવાડિયાના પ્રથમ બે દિવસ એટલે કે, સોમવાર અને મંગળવારના રોજ ફરજિયાત જાહેર જનતા અને જન પ્રતિનિધિઓની રજૂઆતોને સાંભળવા માટે આરક્ષિત કરવા દિશાનિર્દેશો આપ્યા છે.

આ સંદર્ભે મંત્રીએ ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રીએ આ બે દિવસોમાં મંત્રીઓ કોઈ અન્ય મીટીંગ કે અન્ય બેઠકોના આયોજનોના બદલે સમગ્ર દિવસ દરમિયાન પોતાના કાર્યાલયમાં જ રહીને તેમની પાસે આવતા નાગરિકોની રજૂઆતોને સાંભળે અને નિવારણ માટેની યોગ્ય વ્યવસ્થાઓ કરવા



સૂચના આપી હતી. આ ઉપરાંત મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને જે જિલ્લાનો પ્રભાર સોંપવામાં આવ્યો છે, તે જિલ્લાની મુલાકાત લઈને જિલ્લાના વહીવટી તંત્ર સાથે બેઠકો યોજવા તથા જિલ્લામાં ચાલતા મહત્વપૂર્ણ ફ્લેગશીપ પ્રોજેક્ટની સમીક્ષા કરવા અને તેની પ્રગતિ માટે જરૂરી ફોલોઅપ લેવા માટે પણ દિશાનિર્દેશ આપ્યા છે.

વધુમાં, બધા જ પ્રભારી મંત્રીઓ તેમના જિલ્લાઓમાં રોડની સ્થિતિની સમીક્ષા સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજીને તા. ૩૦ નવેમ્બર સુધીમાં પૂરી કરે અને મુખ્યમંત્રીને સ્થળ-સ્થિતિનો અહેવાલ સત્વરે આપવા માટે પણ મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. રોડની ગુણવત્તામાં કોઈપણ પ્રકારની બાંધછોડ ન થાય તે સુનિશ્ચિત કરવા તથા તેના પર જરૂરી સુપરવિઝન રખાવી તથા ક્યાંય પણ હલ્કી ગુણવત્તા જણાયતો સંબંધિતો સામે કડકમાં કડક કાર્યવાહી કરવા પણ તેમણે આદેશ આપ્યા છે, તેમ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ માતાઓ અને બાળકોના આરોગ્ય સંભાળ સહિતના આરોગ્યલક્ષી કાર્યક્રમોમાં બાળમૃત્યુ દર અને માતા મૃત્યુદરના ગ્લોબલ સ્ટાન્ડર્ડ સાથે સુસંગત રહી શકાય તે માટે વધુ સક્રિયતા સાથે કામ કરવા પણ મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

# આતંકી પ્રવૃત્તિ પ્રશ્ને DGPની બેઠક

## રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એડવાન્સ લેવલની તકેદારી રાખવા અપાયું માર્ગદર્શન : અઝજ સહિત તમામ ફિલ્ડ યુનિટને માળખાગત સુવિધાથી લેસ કરવા આદેશ

રાજકોટ, તા. ૧૨

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના તમામ યુનિટ વડાઓ, શહેર પોલીસ કમિશનરઓ અને જિલ્લાઓના પોલીસ વડાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આતંકવાદી ગતિવિધિઓ અનુસંધાને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એડવાન્સ લેવલની તકેદારી રાખવા અંગે માર્ગદર્શન આપવાની સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

નાગરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકીને આ બેઠકમાં અઝજ સહિત તમામ ફિલ્ડ યુનિટના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત (સ્ટ્રેન્ધન) કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે તમામ જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG)ની કામગીરીની સમીક્ષા કરી વિવિધ ૩૦ મુદ્દાઓ પર રજીસ્ટરની યોગ્ય નિભાવણી કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. બેઠકમાં ખાસ કરીને આતંકવાદ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ગંભીર ગુનાઓમાં એટલે કે અન લો ફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ તેમજ ટેરેરિસ્ટ ડિસરપ્ટીવ



એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ ઉપરાંત NDPS એક્ટ (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ), આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઈન્ડિયન કરન્સી (નકલી ભારતીય ચલણ)અગાઉ પકડાયેલા આરોપીઓ, ગુનાહિત ઈતિહાસ સહિતનું રજીસ્ટર નિભાવવા તથા આ પ્રકારના આરોપીઓ પર સતત વોચ રાખવા અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી. રાજ્યના પોલીસ વડા સહાયે માત્ર SOGને જ નહીં, પરંતુ લોકલ પોલીસને પણ પોતાના હ્યુમન ઈન્ટેલિજન્સને સક્રિય રાખીને આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે સતત વોચ રાખવા માટે જરૂરી સૂચના આપી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં પોલીસ ભવન ખાતેથી ATS એડીજીપી, ATS ડીઆઈજી, રાજ્યના આઈ.બી. (ઈન્ટેલિજન્સ બ્યુરો) ડી.આઈ.જી હાજર રહ્યા હતા. જ્યારે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ યુનિટના વડા, તમામ પોલીસ કમિશનર અને જિલ્લાઓના પોલીસ વડાઓ જોડાયા હતા.

# ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપમાં રાજકોટ યજમાન

## રેન્જ આઈજીના અધ્યક્ષ સ્થાને યોજાઈ બેઠક : ૪ થી ૧૫ ડિસેમ્બર જામશે હોકી ફીવર : ૨૧ રાજ્યોના ૭૦૦થી વધુ પોલીસ જવાનો અને BSF, CISF, CRPF સહીત પેરા મિલેટ્રી ફોર્સના હોકી ખેલાડીઓ વચ્ચે પ્રતિસ્પર્ધા

રાજકોટ, તા. ૧૨

ભારતની રાષ્ટ્રીય રમત હોકીની લોકપ્રિયતા અંગે કોઈ બેમત નથી. ગુજરાત હંમેશા હોકી સહિતની રમતોમાં સદા અગ્રેસર રહ્યું છે. અહીં રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની અનેક સ્પર્ધાઓનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગુજરાતમાં વધુ એક રાષ્ટ્રીય કક્ષાની હોકી સ્પર્ધાનું ભવ્ય આયોજન હાથ ધરાયુ છે. રાજકોટના યજમાન પદે આગામી તા. ૪ ડિસેમ્બરથી ૭૪ મી ઓલ ઇન્ડીયા પોલીસ હોકી ચેમ્પિયનશિપ યોજવા જઈ રહી છે. જેમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી ૭૦૦ જેટલા પુરુષ તેમજ મહિલા હોકી ખેલાડીઓ રાજકોટના મહેમાન બનશે તેમ રેન્જ આઈ.જી. શ્રી અશોકકુમાર યાદવે આજરોજ યોજાયેલી આયોજન અંગેની બેઠકમાં જણાવ્યું છે.

જેમાં ગુજરાત સહીત પંજાબ, ત્રિપુરા, તેલંગાણા, પોન્ડેચરી, મધ્ય પ્રદેશ, કેરળ, તમિલનાડુ, હરિયાણા, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ચંદીગઢ, મણિપુર, મહારાષ્ટ્ર, કર્ણાટક, ઉત્તરાખંડ, ઝારખંડ, ઓડિશા, રાજસ્થાન, છત્તીસગઢ રાજ્યની ટીમ અને આઈ.ટી.બી.પી. ના જવાનો ભાગ લેશે. રાજકોટના રેસકોર્સ સ્થિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ ખાતે ૧૨ દિવસ સુધી ચાલનારી ઓલ ઈન્ડીયા પોલીસ હોકી ચેમ્પિયનશિપના સફળ આયોજન સંદર્ભે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી વિકાસ સહાયના વડપણ હેઠળ અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમ ) રાજુ ભાર્ગવના માર્ગદર્શનમાં વિવિધ



કમીટીઓનું ગઠન કરવામાં આવ્યું હોવાનું શ્રી અશોકકુમાર જણાવ્યું છે.

ઓર્ગેનાઈઝીંગ કમિટીમાં વાઇસ ચેરમેન અધિક પોલીસ મહાનિર્દેશક (હથિયારી એકમ ) રાજુ ભાર્ગવ દ્વારા સમગ્ર ભારતમાંથી આવનારી ટીમો માટે અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડિયાની અધ્યક્ષતામાં રહેવા, જમવા અને ટ્રાન્સપોર્ટેશન કમિટી, રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના વડપણ હેઠળ ઓપનિંગ અને ક્લોઝિંગ સેરેમની, ગ્રાઉન્ડ ઇકવીપમેન્ટ કમિટી, રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવની અધ્યક્ષતામાં કલચરલ પ્રોગ્રામ, ઈનામ વિતરણ, મેડલ્સ, સર્ટિફિકેટ સહિતની કમિટી, ડી.સી.પી. જગદીશ બંગરવાની અધ્યક્ષતામાં પ્રચાર, પ્રસાર અને સોવેનિયર, કમ્યુનિકેશન, કંટ્રોલ રૂમ, રેકોર્ડ અને પરિણામ સંબંધી કામગીરી તેમજ અન્ય જરૂરી વ્યવસ્થાપન માટે બ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં કમિટીનું ગઠન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકટોમાં આ પૂર્વે રાષ્ટ્રીય હોકી સપર્ધા સહીત અનેક સપર્ધાઓનુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે રાજકટોના રમત પ્રેમીઓ માટે પોલીસ અને પેરા મિલેટ્રી ફોર્સના ૭૦૦ થી વધુ હોકી ખેલાડીઓ વચ્ચે રમાનારી મેચને માણવાનો લ્હાવો મળશે. આજરોજ રેન્જ આઈ.જી. અશોકકુમાર યાદવના અધ્યક્ષસ્થાને આયોજિત બેઠકમાં ડી. સી. પી. ઝોન -૧ હેતલ પટેલ, એસ.સી.પી. મુનાફખાન પઠાણ, એસ.ઓ.જી. પી.આઈ. એસ.એમ. જાડેજા સહીત સંલગ્ન વિભાગના અધિકારીઓ જોડાયા હતાં.

# મતદાર સુધારણા માટે 160 હેલ્પ સેન્ટરો

## રાજકોટના બુથ લેવલ ઓફિસરોની વ્હારે તંત્ર : તજજ્ઞ કર્મચારીઓની નિમણૂક

રાજકોટ, તા. ૧૨

રાજ્યભરમાં ચૂંટણી પંચ દ્વારા હાલ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ચાલી રહ્યો છે એટલું જ નહીં આ કામગીરી માટે રાજ્ય સરકારના ચૂંટણી આયોગ તથા ચૂંટણી પંચના અધિકારીઓ દ્વારા સ્થાનિક પ્રશાસનના ટોચના અધિકારીઓ સાથે બેઠકો યોજી કામગીરીને સુચારું રૂપથી પાર પાડવા માટેના અનેક સૂચનો આપ્યા હતા અને હાલ કામગીરી કઈ દિશામાં ચાલી રહી છે તે અંગે અવલોકન પણ કરવામાં આવ્યું હતું. ત્યારે રાજકોટ શહેર અને જિલ્લાની જો વાત કરવામાં આવે તો ચાર હજારથી વધુ બુથ લેવલ અધિકારીઓ દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી છે. અને તેમના દ્વારા ફોર્મ વિતરણ પણ કરી દેવામાં આવ્યું છે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ તેવા સ્પષ્ટ થઈ રહી છે કે અત્યારે રાજકોટ આ કામગીરીમાં રેડ ઝોનમાં ધકેલાઈ ચૂક્યું છે. આ મામલે ગઈકાલ બપોરે જિલ્લા કલેકટર દ્વારા તમામ મામલતદારો તથા પ્રાંત અધિકારીઓની સાતો સાત ડેપ્યુટી કલેક્ટર સાથે વીડિયો કોન્ફરન્સ યોજી કામગીરીને ઝડપી બનાવવા માટે આદેશ કર્યો છે એટલું જ નહીં મોડી રાત સુધી આ ચર્ચા ચાલી હોવાનું પણ જણાઈ રહ્યું છે.

રાજકોટ સહિત રાજયભરમાં મતદારયાદી સુધારણા કાર્યક્રમની ચાલી રહેલી કામગીરીમાં બુથ લેવલ ઓફીસરો દ્વારા ડોર ટુ ડોર ફોર્મ વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૯૦ ટકા મતદાર ફોર્મ વિતરણ પૂર્ણ કરી દેવામાં આવેલ છે. રાજકોટ જિલ્લામાં એસ.આઈ.આર.ની




આ કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોય રાજકોટ જિલ્લો રેડઝોનમાં છે જો કે આ કામગીરીને વેગ મળે તે માટે જિલ્લામાં મતદારયાદી સુધારણાની કામગીરી કરતા બી.એલ.ઓ.ને મદદરૂપ થવા માટે કલેકટરતંત્ર દ્વારા વિધાનસભા વિસ્તારવાઈઝ ૨૦-૨૦ ફેસીલીટી સેન્ટરો ધમધમતા કરવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે.આ હેલ્પ સેન્ટરોમાં તજજ્ઞો કર્મચારીઓની નિમણુંકના ઓર્ડરો પણ કરી દેવામાં આવેલ છે. જેમાં મતદારયાદી સંબંધી જરૂરી માહિતી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.મતદારયાદી સુધારણાની આ કામગીરી માટે મોટાભાગના પ્રાથમિક માધ્યમિક શિક્ષકો પાસેથી કામ લેવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે આ કામગીરી કરાવવામાં આવતી હોવાની પણ ફરિયાદ ઉઠી રહી છે. આ કામગીરીમાં મતદારો તરફથી પુરતો સહયોગ મળતો ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

દરમ્યાન આ કામગીરીમાં સહયોગ નહી આપનાર બીએલઓને પણ અગાઉ વહીવટી તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી હતી. તેમજ આ કામગીરીમાં બેદરકારી દાખવનાર બીએલઓ સામે કડક પગલા લેવાની પણ ચેતવણી આપવામાં આવી છે. એસઆઈઆરની કામગીરીમાં રાજકોટ રેડઝોનમાં આવતા અધિકારીઓમાં દોડધામ મચી જવા પામેલ છે. રાજકોટ શહેર-જીલ્લામાં એસઆઈઆરની આ કામગીરી માટે તાજેતરમાં જ બીએલઓ સાથે આસી. બીએલઓની પણ નિમણુંક કલેકટર તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે. જેમાં એક બુથ ઉપર બે બે ટીમ બનાવવામાં આવી છે. પરંતુ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર નાગરિકો દ્વારા જે રીતે સહયોગ બુથ લેવલ અધિકારીઓને આપવામાં આવવો જોઈએ તે આપવામાં આવ્યો નથી અને ઘણી ખરી કામગીરીને અસર પણ પહોંચી છે

# ડોમિનોઝ પિઝા સહિત

## ૭૨ એકમોને ક ક હજારો દંડ



રાજકોટ તા. ૧૨

મચ્છરજન્ય રોગોનો ઉપદ્રવ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે તેના ઉપર અંકુશ લાદવા માટે અત્યારથી જો યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં માઠી અસરનો સામનો પણ લોકોએ કરવો પડી શકે તેમ છે. ત્યારે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ભરેલા પાણીના ટાંકા સહિતની જે ચીજ વસ્તુઓ છે જ્યાં મચ્છર ઉત્પત્તિ થઈ શકતી હોય તે તમામ પર તપાસ કરવામાં આવશે એટલું જ નહીં હાલ શું પરિસ્થિતિ છે તેનો તાગ મેળવવામાં આવી રહ્યો છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આવનારા સમયમાં મચ્છરજન્ય રોગો પોતાનું માથું ન ઉચકે તે માટે અત્યારથી જ પગલાંઓ લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા પાણી ભરાયેલા ટાંકા, છોડના કુંડામાં ભરાયેલું પાણી, પાણીની ફ્રિજ ટ્રે, ટાયર, પક્ષી કુંજ, ખાલી ડબ્બા વગેરે જગ્યાએ મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવે છે. જ્યાં મચ્છર ઉત્પતિ અથવા મચ્છર ઉત્પતિ થાય તેવી પરિસ્થિત જોવા મળે, ત્યાં વહિવટી ચાર્જ વસૂલવામાં આવે છે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા મચ્છર જન્ય રોગચાળા અટકાયતી પગલાના ભાગ રૂપે હોસ્પિટલ, સેલર, શાળા/કોલેજ, હોટલ, બાંધકામ સહિતની ૮૬૫ પ્રિમાઈસીસોમાં ચેકીંગ કામગીરી કરવામાં આવેલ. આ કામગીરી હાથ ધરવામાં આવેલ અને મચ્છર ઉત્પતી અને ગંદકી સબબ ૭૨ એકમોને નોટીસ ફટકારી રૂા.૬૬૬૫૦નો દંડ વસુલામાં આવ્યો હતો.નાગરિકોને અપીલ છે કે તેઓ પોતાના ઘર તથા આજુબાજુના વિસ્તારમાં પાણી ભરાયેલા ન રાખે અને મચ્છર ઉત્પતિ ન થાય તે માટે પૂરતી સાવચેતી રાખે. સમયસર પાણી ખાલી કરી સ્વચ્છતા જાળવવાથી મચ્છરજન્ય રોગોથી બચી શકાય છે. આ અભિયાન નવેમ્બર માસ દરમ્યાન સતત ચાલુ રહેશે. આરોગ્ય તંત્ર નાગરિકોને વિનંતી કરે છે કે સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાજકોટ શહેર નિર્માણમાં સહકાર આપે.

છત પર કે તેની આસપાસ પડેલા ભંગાર, ટાયર, ડબ્બા ડુબલી વગેરેનો તાકીદે નિકાલ કરીએ. અગાસી કે છજજામાં ભરાયેલ વરસાદી પાણીનો નિકાલ કરીએ. સિમેન્ટની ટાંકી, બેરલ, કેરબાને હવાચુસ્ત ઢાંકીને રાખીએ તથા દર અઠવાડીયે ઘસીને સાફ કરવું. હવાચુસ્ત ઢાંકી ન શકાય તેવા ટાંકા ટાંકીમાં અઠવાડીયે નિયમીત કેરોસીન નાખવું. ગાયની કુંડી તથા પક્ષીકુંજ ભરવાનું ટાળવું અથવા નિયમિત રાત્રે ખાલી કરીને ઊંધું વાળી દેવા, સવારે ફરીથી નવું પાણી ભરવું. ફ્રીજ પાછળની ટ્રે સપ્તાહમાં બે વખત સાફ કરીએ. ટાંકા, ટાંકી, માટલા વગેરે અઠવાડિયામાં બે વખત ઘસીને સાફ કરી, સૂકવીને ફરીથી ઉપયોગમાં લઈએ. નળ ગયા બાદ પાણી ભરવાની કુંડીને સુકા. પાણીમાં મચ્છરના લારવા દેખાય તો તુરંત નાશ કરવો.

# બારની ચૂંટણીમાં જામશે જંગ

## પ્રમુખ પદ માટે ઉમેદવારો મેદાને : પ્રવર્તમાન ઉપપ્રમુખ સુનિલ વોરા લડશે ચૂંટણી, તો સમરસ પેનલમાંથી સુરેશ ફળદુનું નામ જાહેર

રાજકોટ, તા. ૧૨

બાર એસો.ની ચૂંટણીને લઈ અત્યારથી જ ઘમાસાણ ચાલી રહ્યું છે. ત્યારે સમરસ પેનલ દ્વારા સુરેશ ફળદુનું નામ પ્રમુખ તરીકે નક્કી કરવામાં આવ્યું છે. ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર રાજકોટ બહારની ચૂંટણીમાં ત્રિપાંખ્યો જંગ ખેલાશે તેમાં કોઈ શંકા નથી. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ હાલના પ્રવર્તમાન ઉપપ્રમુખ હોરાય ત્રણ માસ પૂર્વે જ પોતાની મજબૂત દાવેદારી જાહેર કરી દીધી હતી. ત્યારે ભાજપ લીગલ થયેલ ની સમરસ પેનલે સુરતને પ્રમુખ પદે ઉમેદવાર કોશિશ કર્યા છે તો હવે બકુલ રાજાણીએ પણ પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હોવાનું જણાઈ રહ્યું છે ત્યારે આ વખતેની બાર એસોની ચૂંટણી ખૂબ મહત્વની પુરવાર થશે.

રાજકોટ સહિત રાજ્યના ૨૮૦ બાર એસો.ની ચૂંટણી ૧૯ ડિસેમ્બરના રોજ યોજાશે. જેનો ચૂંટણી કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે હાલ સમરસ પેનલ તરફથી સુરેશ પ્રભુના નામની જાહેરાતો કરી દેવામાં આવ્યું છે ત્યારે મળતી માહિતી મુજબ અને શુભકામના જણાવ્યા અનુસાર અગ્રણી વકીલો વચ્ચે હાલ પદના મજબૂત ઉમેદવાર અંગે છેલ્લા લાંબા સમયથી અનેકવિધ ચર્ચાઓ ચાલી રહી છે.

જે બાદ ગઈકાલે રાત્રે સત્તાવાર જાહેરાત કરાઈ હતી. આગામી સમયમાં લીગલ સેલ અન્ય પદો માટે ઉમેદવારો નક્કી કરવાની પ્રક્રિયા હાથ ધરશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ મળેલ સાધારણ સભામાં સર્વાનુમતે થયેલ ઠરાવ મુજબ તમામ બાર એસોમાં ૧૯ ડિસેમ્બરના રોજ





ચૂંટણી યોજવાની છે જેમાં ઉમેદવારો ૧ ડિસેમ્બરથી ૫ ડિસેમ્બર સુધી ફોર્મ ભરી શકશે.

આ તરફ સમરસ પેનલ સામે હરીફ પેનલ દ્વારા હાલના રાજકોટ બારના ઉપપ્રમુખ સુમિત વોરાને આગામી ચૂંટણીમાં પ્રમુખ પદે ઉમેદવાર ઘોષિત કરાયા છે. ત્યારે ભાજપ લીગલ સેલ દ્વારા પોતાની પેનલ સમરસ પેનલ ઉતારવાની જાહેરાત કરાઈ હતી. લીગલ સેલના સૂત્રોએ જણાવ્યું કે, સર્વાનુમતે પ્રમુખ પદના ઉમેદવાર તરીકે સુરેશભાઈ ફળદુની આગેવાનીમાં સમરસ પેનલ દ્વારા લડવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આગામી દિવસોમાં સમરસ પેનલ દ્વારા વધુ ઉમેદવારો જાહેર કરવામાં આવશે. જોકે આ તરફ પૂર્વ પ્રમુખ બકુલ રાજાણી પણ ચૂંટણી લડવાના છે તેવી જાહેરાત કરી છે. તે તેમની સ્વતંત્ર પેનલ ઉતારશે. ગયા વર્ષની ચૂંટણીમાં ભાજપ લીગલ સેલે પેનલ ઉતારી નહોતી. દિલીપભાઈ જોષીની પેનલને ટેકો જાહેર કર્યો હતો. આ તરફ બકુલ રાજાણીએ પણ પોતાની પેનલ ઉતારી હતી. જોકે ગત ચૂંટણીમાં પરેશભાઈ મારુનો પ્રમુખ પદે વિજય થયો હતો. તેમની પેનલના સુમિત વોરા (ઉપપ્રમુખ), પંકજ દોંગા (ટ્રેઝરર), કેતન મંડ (લાયબ્રેરી સેક્રેટરી) પ્રગતિ માકડીયા (કારોબારી) સહિતના પદે જંગી વિજય થયો હતો. ત્યારે આ વખતે પણ ત્રિ-પંખીયો જંગ થશે.

# વોર્ડ-૩માં ગંદકી પ્રશ્ને તંત્રને ઢંઢોળતી કોંગ્રેસ

## પૂર્વ વિપક્ષી નેતા ગાયત્રીબા વાઘેલા-અતુલ રાજાણીએ પાઠવ્યું આવેદનપત્ર

રાજકોટ, તા. ૧૨

શહેરમાં અનેક જગ્યાઓ પર ગંદકીના પ્રશ્નો ઉભરી રહ્યા છે. ત્યારે રાજકોટ મનપા તેને નિવારવા નિષ્ફળ નીવડી છે. આ વખતે રોડ રસ્તાના પ્રશ્નો બાદ ગંદકીના પ્રશ્નો પણ સતાવી રહ્યાં છે. ત્યારે સતાધીશો ઉપર વિપક્ષ હાલ હાવી થઈ રહ્યું છે. ત્યારે ગઈકાલે વોર્ડ ૩માં ગંદા પાણીનો પ્રશ્ન લોકોને સતાવી રહ્યો છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ કોંગી આગેવાનો આગળ આવ્યા છે.

રાજકોટ શહેરના મધ્યમાં પસાર થતા રેલ્વે ટ્રેક ઉપર વોર્ડ નં.૩ પરસાણાનગર-૭ પાસે રેલ્વે ટ્રેકના





ગંદાપાણી નાલા પાસે ભરાતા આ ગંદા પાણી પીવાની પાઈપ લાઈન અને ભુર્ગભમાં ઉતરતા રોગચાળાની દહેશતના પગલે ગંદકી દુર કરવા રહીશો સાથે પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, અને પૂર્વ પ્રમુખ અતુલ રાજાણી, સહિતનાં પૂર્વ કોર્પોરેટરો દિલીપભાઈ આસવાણી, વોર્ડ પ્રમુખ જગુભા જાડેજા, અગ્રણી ગૌરવ પુજારાએ ડીઆરએમને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

રજૂઆતમાં જરાવ્યા પ્રમાણે વોર્ડ નં.૩નાં પરસાણાનગર ૭માં રેલ્વે ટ્રેકના નાલા નીચે અને ટ્રેકની બંને બાજુ ગંદકી-ગટરના ગંદા પાણીનો ભરાવો થતા ગંદુ પાણી આ વિસ્તારની પીવાના પાણીની પાઈપ લાઈન અને ભુગર્ભ ઉતરતા જન આરોગ્ય સામે ગંભીર ખતરો ઉભો થયો છે. ગંદકી-ગંદા પાણી દુર કરવા જરૂરી કાર્યવાહી કરવા જણાવતા ડીઆરએમ દ્વારા સ્થળની વિઝીટ કરી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

# ભારત-આફ્રિકા A ટીમનો પ્રથમ વનડે

## રાજકોટની બેટિંગ પેરેડાઇઝ વિકેટ ઉપર થશે ચોગ્ગા-છગ્ગાની આતશબાજી

રાજકોટ તા. ૧૨

આજે નિરંજનશા સ્ટેડિયમ ખાતે ભારત અને આફ્રિકાની એ ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચની સીરીઝનો પ્રથમ મેચ રમાશે. બેટિંગ પેરેડાઇઝ ગણાતી વિકેટ ઉપર ચોગા છગ્ગા ની રમઝટ જોવા મળશે કારણ કે ભારતીય ટીમ જે ખેલાડીઓ સાથે ઉતરી છે તે તમામ હાલ જબરા ફોર્મમાં છે ત્યારે રાજકોટ વાસીઓ ને ચોગાછગ્ગાની આતશબાજી પણ જોવા મળશે. ગઈકાલે બંને ટીમો દ્વારા આખરી પ્રેક્ટિસ કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયા સામે સારું પ્રદર્શન કરી સૌથી ઝડપી ૧૦૦૦ રન બનાવનાર અને મેન ઓફ ધ સિરીઝનો ખિતાબ મેળવનાર અભિષેક શર્મા ઉપરાંત તિલક વર્મા, ઋતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન, અને અર્શદીપ સિંહ સહિતના ખેલાડીઓ ધમાકેદાર પર્ફોમન્સ આપશે. રાજકોટની પીચ બેટિંગ પીચ માનવામાં આવે છે.

ટીમ ઈન્ડિયાના ફૂલ ફોર્મમાં રહેલા ખેલાડીઓ મારફતે તમામ ત્રણેય મેચ હાઈસ્કોરિંગ થવાની આશા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારોએ વ્યક્ત કરી છે. ગઈકાલે બન્ને ટીમોએ નેટ પ્રેકટીશ કરી હતી. હોટલ સયાજી ખાતે ટીમ ઈન્ડિયાના કેપ્ટન અને કોચને સ્પેશિયલ રૂમ ફાળવવામાં આવશે. આ હોટલના દરેક રૂમ રોયલ રજવાડી થીમ પર સજાવવામાં આવ્યા છે. જેમાં રૂમની અંદર ગુજરાત અને ભારતના હેરિટેજ પેલેસની અલગ અલગ તસવીરો મુકવામાં આવી છે. સાથે જ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ માટે જીમ, સ્વિમિંગ પૂલ સહિતની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ટીમ ઈન્ડિયાના કેટલાક ખેલાડીઓ અગાઉ પણ રાજકોટની સયાજી હોટેલ ખાતે રોકાણ કરી ચુક્યા છે. માટે તેમને મનપસંદ વાનગીઓ પણ પીરસવા માટે હોટેલ સ્ટાફ દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. ખેલાડીઓને ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં રાજકોટનાં ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે કુલ ૧૧ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે. જેમાં ૩ ટેસ્ટ, ૫ ટી-૨૦ અને ૪ વન-ડેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તાજેતરમાં જાન્યુઆરી ૨૦૨૫માં પ્રથમ વખત ભારતની વુમન્સ ટીમ પણ રાજકોટની મહેમાન બની હતી. જેમાં ભારતીય મહિલા ક્રિકેટરોએ આયર્લેન્ડ સામે રેકોર્ડ સ્થાપિત કરી શાનદાર જીત મેળવી ૩-૦થી વન-ડે ઈન્ટરનેશનલ શ્રેણી પર કબ્જો મેળવ્યો હતો.

**ઈન્ડિયા-એ**

તિલક વર્મા (કેપ્ટન), ઋતુરાજ ગાયકવાડ (વાઈસ કેપ્ટન), અભિષેક શર્મા, પ્રભસિમરન સિંહ, રિયાન પરાગ, ઈશાન કિશન (વિકેટકીપર), આયુષ બડોની, નિશાંત સિંધુ, વિપરાજ નિગમ, માનવ સુથાર, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રસિધ્ધ કિષ્ના, ખલીલ અહેમદ

**સાઉથ આફ્રિકા-એ**

માર્કર્વેસ એકરમેન (કેપ્ટન), જોર્ડન હર્મન, સિનેથેમ્બા ક્વેશિલ, જેસન સ્મિથ, ડેલાનો પોટગીટર, કોડી યુસુફ, રુબિન હર્મન, રિવાલ્ડો મૂનસામી, લ્યુઆન-ડ્રે પ્રેટોરિયસ, ઓટ્નીલ બાર્ટમેન, બ્યોર્ન ફોર્ટ્યુન, ક્વેના માફાકા, ત્શેપો મોરેકી, મિહલાલી મ્પોંગવાના, એનકાબાયોમ્ઝી પીટર



# જય જયકાર

## એક્ઝિટ પોલ સાચા પડે તો ભાજપ વધારે મજબૂત બનશે




બિહારમાં મતદાન પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલના તારણો આવ્યા, તેમાં નીતિશ કુમાર તથા ભાજપી મોરચાને ફરી સત્તા મળી રહ્યાના તારણો આવ્યા છે. આ તારણો પ્રમાણે પરિણામો રહેશે તો ભાજપની તાકાત રાષ્ટ્રીયસ્તરે વધી જશે. જો કે, ભાજપ ફરીથી નીતિશને મુખ્યમંત્રી બનાવવવાના મૂડમાં નથી દેખાતો તેથી અકલ્પનીય બખડજંતર થઇ શકે છે.

એક બાબત નીશ્ચિત છે કે, એક્ઝિટ પોલ પ્રમાણે પરિણામો મળશે તો રાષ્ટ્રીયસ્તરે વિપક્ષને ખાસ કરીને રાહુલના નેતૃત્વને મોટો ફટકો ગણાશે. ઈન્ડિયા ગઠબંધન પર મોટો પ્રશ્નાર્થ સર્જાશે. મોદીજીની તાકાતમાં વધારો થશે.

અહીં એક જુદો દ્રષ્ટિકોણ પણ જોવો પડશે. બિહારમાં છેલ્લી બે ધારાસભાની ચૂંટણીઓમાં એક્ઝિટ પોલના તારણો સદંતર ખોટા પડ્યા હતા. હાલની ચૂંટણીમાં પોલથી વીપરિત પરિણામો આવશે તો બિહારની રાજનીતિમાં મોટી ઉથલપાથલ જોવા મળશે. તેમાં પણ ત્રિશંકૂ ધારાસભા જેવી સ્થિતિ બનશે તો નેતાઓની રીતસર ગુજરી બજાર જામશે. ફલાણો ઢીકણા પક્ષમાં અને ઢીંકણો ફલાણા પક્ષમાં..... જેવા બ્રેકિંગ ન્યૂઝથી મીડિયા ગરમા ગરમ બનશે.

મહત્વની બાબત એ છે કે, જે કોઇની સરકાર બને દરેકે વચનો એટલાં મોટા આપ્યા છે કે, તેને પૂરા કરવા મોટો પડકાર બનશે. આ માટે પણ જુદા-જુદા ખેલ શરૂ થશે.

એનડીએની સરકાર બનતી હોવાનું દરેક એક્ઝિટ પોલે તારણ આપ્યું છે. પોલના તારણો પ્રમાણે પરિણામ રહે તો વિપક્ષને ફટકો ગણાશે. પરંતુ, કોંગ્રેસ વોટ ચોરીનું બહાનું ચલાવીને પોતાની ખામી અંગે ચિંતન નહિ કરે.

ચૂંટણી જાહેર થઇ ત્યારનું દ્રશ્ય યાદ કરો. તેજસ્વી યાદવ અને લાલુ યાદવ દિલ્હીમાં રાહુલને મળવા રૂબરૂ ગયા હતા ત્યારે રાહુલે સમય આપ્યો ન હતો અને બન્ને અસમંજસની સ્થિતિમાં પટના પરત ફર્યા હતા. કોંગ્રેસ પાસે બિહાર અંગે કોઇ સ્પષ્ટ સ્ટેન્ડ ન હતું. આ ઉપરાંત લાલુ પરિવારમાં પણ બઘડાટી ચાલતી રહી. તેજ પ્રતાપ યાદવને પરિવારમાંથી હકાલપટ્ટી થઇ. તેજ પ્રતાપે પોતાના જ પરિવાર સામે રાજકીય મોરચો માંડ્યો હતો. પ્રચારમાં પણ રાજદ-કોંગ્રેસ વચ્ચે તાલમેલ ન હતો અને તેજ પ્રતાપ ઈન્ડિયા ગઠબંધન વિરુધ્ધમાં પ્રચાર કરતા રહ્યા.

ચૂંટણીનો ખરાખરીનો સમય હોય ત્યારે વિપક્ષની આ સ્થિતિ અતિ ખરાબ ગણાય. જે પરાજયનું મુખ્ય કારણ બની શકે. આવા મુદ્દાઓને નજર અંદાજ કરીને વોટ ચોરી મામલો ચગાવવો એ સત્યને ઢાંકવા જેવી પ્રવૃત્તિ ગણાય.

પરિણામો બાદ બિહારમાં રસપ્રદ સ્થિતિ બનવાની પૂરી સંભાવન છે. બિહારના પરિણામો રાષ્ટ્રીયસ્તરે રાજનીતિમાં તીવ્ર અસર કરશે એ નક્કી છે.

॥ પ્રેમભકિતના હસ્તાક્ષરે ॥

વિશ્વાસ એવી વ્યક્તિ પર ના કરો,
જેની લાગણી સમય સાથે
બદલાય,
પણ વિશ્વાસ એવી વ્યક્તિ
પર કરો,
કે સમય બદલાય પરિસ્થિતિ
બદલાય
પરંતુ તેની લાગણી ક્યારેય ન
બદલાય...

શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# દિલ્હી બ્લાસ્ટ કેસમાં PAFF કનેક્શન

## જમ્મુ અને કાશ્મીરમાં PAFF નામથી કાર્યરત છે, જેમ લશ્કર-એ-તૈયબા TRF નામથી કાર્યરત

રાજકોટ, તા. ૧૨.

દિલ્હી બ્લાસ્ટ કેસમાં PAFF કનેક્શનની તપાસ વધુ તીવ્ર બનાવવામાં આવી રહી છે. પીપલ્સ એન્ટી-ફાસીસ્ટ ફ્રન્ટ (PAFF) એ આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું એક પડછાયો સંગઠન હોવાનું કહેવાય છે. તે જમ્મુ અને કાશ્મીરમાં PAFF નામથી કાર્યરત છે, જેમ લશ્કર-એ-તૈયબા TRF નામથી કાર્યરત છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, PAFFના પ્રવક્તા તનવીર અહેમદ રાત્રે છે, જે સુરક્ષા દળો પરના દરેક હુમલા પછી પ્રેસ રિલીઝ જારી કરે છે. સુરક્ષા એજન્સીઓને લાંબા સમયથી શંકા હતી કે તનવીર અહેમદ રાત્રે તેનું સાચું નામ નથી. તેમને એવી પણ શંકા હતી કે પ્રેસ રિલીઝ જારી કરનાર વ્યક્તિ કાં તો ડોક્ટર અથવા મનોવિજ્ઞાની હતો. ત્યારબાદ, તપાસ એજન્સીઓ ડો. આદિલ અહેમદ રાત્રેની પૂછપરછ કરી રહી છે, જે એ જ તનવીર અહેમદ રાત્રે હોવાની શંકા છે. ખરેખર, ડો. આદિલના લોકરમાંથી એક AK-47 રાઇફલ મળી આવી હતી, અને ઈઈઝટ ફૂટેજમાં તેમને જૈશનું પોસ્ટર લગાવતા જોવા મળ્યા હતા. એજન્સીઓ હવે આ ખૂણાની તપાસ કરી રહી છે. શું તે PAFFનો માસ્ટરમાઇન્ડ છે?

પીપલ્સ એન્ટી-ફાસીસ્ટ ફ્રન્ટ (PAFF), જે પાકિસ્તાની આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ (JeM) ના પડછાયા તરીકે ગણવામાં આવે છે, તેને ગૃહ મંત્રાલય દ્વારા જાન્યુઆરી ૨૦૨૩ માં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ આતંકવાદી સંગઠન જાહેર કરવામાં આવ્યું હતું. ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, PAFF ૨૦૧૯ માં પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ઉંયખ ના એક નાના સંગઠન તરીકે ઉભરી આવ્યું. PAFF, અન્ય સંગઠનો સાથે મળીને, પ્રભાવશાળી યુવાનોને ભરતી કરીને અને તેમને બંદૂકો,



દારૂગોળો અને વિસ્ફોટકો ચલાવવાની તાલીમ આપીને કટ્ટરપંથી બનાવવામાં સામેલ છે. આ કેસમાં ધરપકડ કરાયેલી મહિલા ડો. શાહીન, એ પાકિસ્તાની જોડાણનો ખુલાસો કર્યો છે. સૂત્રો સૂચવે છે કે વિસ્ફોટ પાછળ જૈશ-એ-મોહમ્મદનો હાથ હોવાની શંકા છે. ભારતમાં જૈશ-એ-મોહમ્મદની મહિલા પાંખની વડા શાહીન, આ ષડયંત્રમાં મુખ્ય ખેલાડી છે. શાહીનનો સાદિયા અઝહર સાથે સીધો સંબંધ છે. દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટમાં કોઈ સીધી સંડોવણી માટે પીપલ્સ એન્ટી-ફાસીસ્ટ ફ્રન્ટની તપાસ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા આતંકવાદી જૂથ તરીકે નિયુક્ત કરાયેલ આ આતંકવાદી સંગઠનને આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદનું પડછાયો સંગઠન માનવામાં આવે છે. આ કેસમાં સંડોવાયેલી મહિલા ડો. શાહીન પણ જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલી હોવાનું જાણવા મળ્યું છે.

# દિલ્હી વિસ્ફોટના પીડિતોને મળતા PM

## ભૂટાનમાં સંબોધનમાં, PM મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે કોઈપણ કાવતરાખોરને બક્ષવામાં આવશે નહીં

નવીદિલ્હી, તા. ૧૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભૂટાનની બે દિવસીય મુલાકાતથી પાછા ફર્યા છે. દિલ્હી પહોંચ્યા પછી, તેઓ સીધા પ્રધાનમંત્રી નિવાસસ્થાને જવાને બદલે, LNJP હોસ્પિટલ ગયા. ત્યાં તેમણે દિલ્હી વિસ્ફોટના પીડિતો સાથે મુલાકાત કરી. ભૂટાનમાં પોતાના સંબોધનમાં, PM મોદીએ સ્પષ્ટપણે કહ્યું હતું કે કોઈપણ કાવતરાખોરને બક્ષવામાં આવશે નહીં. PM મોદીની અધ્યક્ષતામાં આજે દિલ્હી વિસ્ફોટ અંગે એક બેઠક યોજાવાની છે. PM નરેન્દ્ર મોદી તાજેતરમાં ભૂટાનથી પરત ફર્યા છે. LNJP હોસ્પિટલમાં, તેમણે વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકો સાથે મુલાકાત કરી અને તેમને સંપૂર્ણ સહાયની ખાતરી આપી. તેમણે ડોકટરોની ટીમ સાથે પણ મુલાકાત કરી. હોસ્પિટલમાં પીડિતોને મળ્યા પછી, PM મોદીએ ફરી એકવાર પુનરાવર્તન કર્યું કે કાવતરાખોરોને બક્ષવામાં આવશે નહીં. લાલ કિલ્લા મેટ્રો વિસ્ફોટ કેસમાં, દિલ્હી પોલીસે કોતવાલી પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA), વિસ્ફોટકો અધિનિયમ અને BNSની કલમો હેઠળ કેસ



નોંધ્યો છે. જો કે, સમગ્ર મામલાની તપાસ NIAને સોંપવામાં આવી છે.

આતંકવાદી ડો. ઉમર પુલવામાના કોઇલનો રહેવાસી હતો. તેણે ૨૦૧૭ માં શ્રીનગરની સરકારી મેડિકલ કોલેજમાંથી એમબીબીએસ પૂર્ણ કર્યું હતું. લાલ કિલ્લા પાસે વિસ્ફોટ થયેલી કારમાં ઉમર હાજર હોવાની શંકા છે. જોકે, ઉમર હાજર હતો કે નહીં તે હજુ સુધી નક્કી થયું નથી. હાલમાં ડીએનએ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી નક્કી થશે કે ઉમર કારમાં હતો કે નહીં. સુરક્ષા એજન્સીઓએ અલ ફલાહ યુનિવર્સિટી, ધૌજ, ફતેહપુર ટાગા, ફરીદાબાદ અને જમ્મુ અને કાશ્મીરના વિવિધ ભાગોમાં પણ શોધખોળ હાથ ધરી છે. ડો. ઉમરે ત્યાં ભણાવ્યો હતો. વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. તેમાં કાનના પડદા, ફેફસાં અને આંતરડા ફાટેલા હોવાનું જાણવા મળ્યું છે. મૃતદેહોના હાડકાં અને માથામાં પણ ઈજાઓ થઈ હતી. મૃત્યુ ગંભીર ઈજાઓ અને વધુ પડતા રક્તસ્ત્રાવને કારણે થયા હતા.

ભૂટાનથી પરત ફર્યા પછી તરત જ, વડા પ્રધાન મોદી દિલ્હી વિસ્ફોટમાં ઘાયલોને મળવા માટે સીધા લોક નારાયણ જય પ્રકાશ હોસ્પિટલ (LNJP) ગયા. તેમણે ઘાયલોને મળ્યા, તેમની સાથે વાત કરી અને તેમને ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી. હોસ્પિટલના અધિકારીઓ અને ડોકટરોએ તેમને ઘટના અને ઘાયલોની સ્થિતિ વિશે માહિતી આપી. એ નોંધવું જોઈએ કે પીએમ મોદી આજે એક ઉચ્ચ સ્તરીય બેઠક પણ કરવાના છે. પીએમ મોદીએ LNJP હોસ્પિટલમાં આશરે ૨૦-૨૫ મિનિટ વિતાવી, જે દરમિયાન તેમણે ઘાયલોને મળેલી વધુ સહાય વિશે પૂછપરછ કરી.

# પાસપોર્ટમાં કોઈ વિલંબ નહીં

## એક મહિનામાં પોલીસ વેરિફિકેશન થશે

### પાસપોર્ટ વેરિફિકેશનમાં વિલંબ અંગે અલ્હાબાદ હાઈકોર્ટે કહ્યું એક મહિનાની અંદર પૂર્ણ થવું જરૂરી




નવીદિલ્હી, તા..૧૨

અલ્હાબાદ હાઈકોર્ટે અવલોકન કર્યું કે પાસપોર્ટ અરજદારોનું પોલીસ વેરિફિકેશન એક મહિનાની અંદર પૂર્ણ થવું જોઈએ. વિદેશ મંત્રાલયના ''નાગરિક ચાર્ટર જૂન ૨૦૨૫'' ને ટાંકીને કોર્ટે જણાવ્યું હતું કે નવો પાસપોર્ટ જારી કરવા માટે ૩૦ કાર્યકારી દિવસો અને જૂના પાસપોર્ટને રિન્યુ કરવા માટે સાત કાર્યકારી દિવસો લાગે છે. આ સમય પોલીસ વેરિફિકેશન સિવાયનો છે. જોકે, પોલીસ વેરિફિકેશન માટે કોઈ સમય મર્યાદા નક્કી કરવામાં આવી નથી. આ જ કેસની સુનાવણી કરતા, અલ્હાબાદ હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે પોલીસે વિદેશ મંત્રાલય દ્વારા નિર્ધારિત સમયમર્યાદામાં પાસપોર્ટ વેરિફિકેશન તાત્કાલિક અને ખંતપૂર્વક પૂર્ણ કરવું જોઈએ.

કોર્ટે જણાવ્યું હતું કે પોલીસ વેરિફિકેશનમાં કોઈ વિલંબ ન થવો જોઈએ. વિલંબ ફક્ત એવા કિસ્સાઓમાં થવો જોઈએ જ્યાં કોઈ ફરજિયાત કારણો ન હોય. વેરિફિકેશનમાં વિલંબ લોકોના મુસાફરી અધિકારોને અસર કરે છે. આરોપીઓ માટે પણ પોલીસ વેરિફિકેશન જરૂરી છે, પરંતુ વિલંબ સંપૂર્ણપણે ખોટો છે. વિલંબ, ખાસ કરીને એક વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ કરતી વખતે, નોંધપાત્ર અસુવિધા પેદા કરે છે. લોકો પાસપોર્ટ ઓફિસ તરફથી નોટિસની રાહ પણ જોતા નથી. જ્યારે પણ કોઈ સમસ્યા ઊભી થાય છે, ત્યારે તેઓ સીધા કોર્ટમાં જાય છે અને માંગ કરે છે, ''મારો પાસપોર્ટ ઝડપથી જારી કરો.'' ઘણી વખત, લોકો પાસપોર્ટ ઓફિસની નોટિસનો જવાબ પણ આપતા નથી, છતાં તેઓ કોર્ટમાં અરજી દાખલ કરે છે.

કોર્ટે કહ્યું કે જો પાસપોર્ટ નોટિસ મળે છે, તો પહેલા તેનો જવાબ આપો અને પછી આગળ વધો. કોર્ટમાં ઉતાવળ ન કરો. કોર્ટે એવી પણ સલાહ આપી હતી કે જેમના પર ફોજદારી કેસ પેન્ડિંગ છે અને તેમના પાસપોર્ટ અટવાયેલા છે તેમણે પહેલા સંબંધિત કોર્ટ અથવા પોલીસ પાસેથી NOC/ક્લિયરન્સ મેળવવું જોઈએ. પાસપોર્ટ ઓફિસ અને પોલીસે આ અંગે ઝડપથી કાર્યવાહી કરવી જોઈએ. કોર્ટે કહ્યું કે તેમણે અરજી સબમિટ કર્યાના એક મહિનાની અંદર જાણ કરવી જોઈએ કે તેઓ પાસપોર્ટ જારી કરી શકે છે કે નહીં. ગઘઈ મળ્યા પછી, તેમણે આગામી એક મહિનાની અંદર અંતિમ પાસપોર્ટ જારી કરવો જોઈએ કે નકારી કાઢવો જોઈએ. પાસપોર્ટ અરજી મળ્યા પછી, તેમણે ચાર અઠવાડિયાની અંદર રિપોર્ટ સબમિટ કરવો જોઈએ. પાસપોર્ટ વેરિફિકેશનમાં વિલંબ અંગે, અલ્હાબાદ હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે એક મહિનાની અંદર પૂર્ણ થવું જોઈએ. આ લોકોના મુસાફરી અધિકારોને અસર કરે છે. આરોપી માટે પોલીસ વેરિફિકેશન પણ જરૂરી છે, પરંતુ તેમાં વિલંબ કરવો સંપૂર્ણપણે ખોટું છે.

## બિહાર ચૂંટણીના એક્ઝિટ પોલ પર પ્રતિક્રિયા આપતા તેજસ્વી યાદવે કહ્યું કે અમારા પ્રતિભાવ મુજબ, NDA પોતાના હોશ ગુમાવી ચૂક્યું છે

# ૭૫ લાખ મત નીતીશને બચાવવા નહીં સરકાર બદલવા માટે : તેજસ્વી

નવીદિલ્હી, તા. ૧૨

વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કહ્યું કે અમે પહેલા કહ્યું હતું કે મતગણતરી ૧૪મી તારીખે અને શપથગ્રહણ સમારોહ ૧૮મી તારીખે થશે. અમને જે પ્રતિસાદ મળી રહ્યો છે તેનાથી ગઉઅ સભ્યો ચોંકી ગયા છે. તેજસ્વી યાદવે બુધવારે બિહારમાં મતદાનના બંને તબક્કા પછી તેમના સત્તાવાર નિવાસસ્થાને એક પત્રકાર પરિષદ દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેજસ્વી યાદવે કહ્યું કે આ વખતે ગઉઅ એ સત્તાવાર રીતે મુખ્યમંત્રી પદના ઉમેદવાર કોણ હશે તેની જાહેરાત કરી નથી. ''આ એ જ લેપડોગ મીડિયા છે જેણે પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ, લાહોર અને કરાચી પર કબજો જમાવતા સર્વે બતાવ્યા હતા. આ એ જ સર્વે છે જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઘૂસણખોરો બિહારમાં ઘૂસ્યા છે. લેપડોગ મીડિયા પ્રચાર ફેલાવી રહ્યું છે,'' તેમણે કહ્યું.

તેજસ્વીએ કહ્યું કે જો બતાવવામાં આવી રહેલા સર્વેને સેમ્પલ સાઇઝ વિશે પૂછવામાં આવે છે, તો કોઈ જવાબ નથી. કોઈ સેમ્પલ સાઇઝ જાહેર કરી રહ્યું નથી. ભલે તે સેમ્પલ હોય કે સર્વે, તેના માટેનું ધોરણ શું છે? આનો ખુલાસો પણ કરવામાં આવી રહ્યો નથી. પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) માંથી જે કંઈ આવે છે, અમિત શાહ પોતાની કલમથી જે કંઈ લખે છે, તે જ મીડિયા અહેવાલો અને અહેવાલો આપે છે. ૨૦૨૦ ની ચૂંટણીઓની તુલનામાં, આ વખતે ૭.૨ મિલિયન લોકોએ વધુ મતદાન કર્યું. તેજસ્વીએ કહ્યું કે જો આ ૭.૨ મિલિયન મતોને ૨૪૩ વિધાનસભા બેઠકોમાં વહેંચવામાં આવે, તો દરેક વિધાનસભામાં મતોની સંખ્યા લગભગ ૨૯,૫૦૦ જેટલી વધી જશે. આ મત નીતિશ કુમારને બચાવવા માટે નહીં, પરંતુ સરકાર બદલવા માટે આપવામાં આવ્યા હતા. સરકાર બદલાવાની છે. ઘણા લોકોએ પરિવર્તન માટે મતદાન કર્યું. ૧૬-૧૭% લોકો નીતિશ



કુમારને મુખ્યમંત્રી તરીકે ઇચ્છતા હતા. વહીવટ પર દબાણની જરૂર છે. બિહારના લોકો આ વાતથી વાકેફ છે. બિહારના લોકો બધું સમજે છે. આ વખતે, એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, અને ગણતરી ધીમી કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે.

જિલ્લા મુખ્યાલયમાં આતંક મચાવશે. જ્યાં બોમ્બ વિસ્ફોટ થશે, ત્યાં કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં, પરંતુ લોકશાહીની હત્યા કરવા માટે, લશ્કર સમગ્ર જિલ્લામાં ફ્લેગ માર્ચ કરશે. આનાથી લોકોમાં ગભરાટ ફેલાશે. ગઈ વખતે પણ લોકોએ પરિવર્તન માટે મતદાન કર્યું હતું. તે અપ્રમાણિક હતું, અને માર્જિન ફક્ત ૧૨,૦૦૦ હતું. આ વખતે, આપણું મહાગઠબંધન વિશાળ બહુમતી સાથે સરકાર બનાવવા જઈ રહ્યું છે. અમારા લોકો બલિદાન આપશે. પરંતુ આ વખતે, અમે ગણતરીમાં અપ્રમાણિકતા નહીં થવા દઈએ. અમારા લોકો સતર્ક અને દ્દઢ નિશ્ચયી છે. બિહાર લોકશાહીની માતા છે, અને અમે અહીં લોકશાહી ક્યારેય અદ્રશ્ય થવા દઈશું નહીં. આ સર્વે ઝારખંડ અને બંગાળમાં પણ હાર બતાવી રહ્યો હતો. તેજસ્વીએ હુમલો કરતા કહ્યું કે મોદીને ટીટીએમ આપતી ચેનલોએ તેમની બેઠકો ૪૦૦ થી વધુ કરી દીધી છે. ગઈકાલે, એક્ઝિટ પોલર્સે અભિનેતા ધર્મેન્દ્રની પણ હત્યા કરી દીધી. આ અદ્ભુત ન્યૂઝ ચેનલો છે. દેશભરમાં સારી પત્રકારત્વ થઈ રહી છે. આપણે આવી પત્રકારત્વ પહેલાં ક્યારેય જોઈ નથી. ભાજપે શ્રદ્ધાંજલિ પણ આપી. મીડિયાની આ સ્થિતિ છે. માલિકો અને પત્રકારો બધા સત્ય જાણે છે. આપણે ૧૮મીએ શપથ લઈશું. નોકરીઓવાળી સરકાર આવી રહી છે, અને કલમનું શાસન સ્થાપિત થશે.

### કમોસમી વરસાદમાં આર્થિક રીતે પડી ભાંગેલા ખેડૂતને બેઠા કરવાનો સ્તુત્ય પ્રયાસ

# ડિસ્ટ્રીક બેંક ખેડૂતોને આપશે
# ૬૫ હજાર સુધીની ઝીરો ટકાએ કૃષિલોન






## બેંક દ્વારા જાહેર કરાઈ ૧૩૦૦કરોડની ખાસ કૃષિ લોન યોજના : ૨.૨૫ લાખ ખેડૂતોને અપાશે લાભ

રાજકોટ, તા ૧૨

'ખેડૂતોને બેંક ખેડૂતો સાથે' તેવા સૂત્ર સાથે કાર્યરત રાજકોટ ડિસ્ટ્રીક કો-ઓપરેટીવ બેંક દ્વારા કમોસમી વરસાદથી આર્થિક રીતે ભાંગી પડેલા ખેડૂતોને પુનઃ બેઠા કરવા રૂપિયા ૧૩૦૦ કરોડની ખાસ કૃષિ લોન યોજના જાહેર કરવામાં આવી છે. જેમાં ઝીરો ટકા વ્યાજે ખેડૂતોને લોન આપવાનું આયોજન કરાયું છે

આ બાબતે વધુ માહિતી આપતા રાજકોટ ડિસ્ટ્રીક બેંકના જનરલ મેનેજર વી.એમ સખીયાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને બેંકના ચેરમેન જયેશ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવિયા, મેનેજિંગ ડિરેક્ટર ઘનશ્યામભાઈ ખાટરીયા તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટરના કુશળ વહીવટથી રાજકોટ ડિસ્ટ્રીક કો-ઓપરેટિવ બેન્ક રાષ્ટીય સ્તરે ઉભરી રહી છે

રાજકોટ અને મોરબી જિલ્લામાં ગત ઓક્ટોબર માસમાં થયેલી અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને તૈયાર પાકમાં પારાવાર નુકસાનીમાં રાહત મળી રહે તે વાતને ધ્યાને લઈને ખેડૂતોની ચિંતા કરતા બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટરના તમામ સભ્યોએ એક નિર્ણય જાહેર કર્યો છે. રાજકોટ તેમજ મોરબી જિલ્લાની સાથે જોડાયેલી ખેતી વિષયક મંડળીઓમાંથી ધિરાણ મેળવતા ૨.૨૫ લાખ ખેડૂતો માટે રૂપિયા ૧૩૦૦ કરોડની ખાસ કૃષિ લોન યોજના બનાવવામાં આવી છે. જેમાં હેક્ટર દીઠ ૧૨,૫૦૦ અને વધુમાં વધુ રૂપિયા ૬૫ હજારની, એક વર્ષની મુદત માટે ખાસ કૃષિ લોન આપવાનો નિર્ણય જાહેર કર્યા કરાયો છે. આવી કૃષિ લોન ખેડૂતોને ઝીરો ટકાએ આપવાનું આયોજન હોવાથી બેંકને અંદાજે રૂપિયા ૧૦૦ કરોડનો ખર્ચ થશે અને બેંક ખેડૂતો વતી ભોગવશે તેવું બેંકના ચેરમેન જયેશ રાદડિયા દ્વારા જાહેર કરાયું છે.

### ૧૯ વર્ષે આવ્યો ચુકાદો : સાડા ત્રણ લાખનો દંડ પણ ચૂકવવા મ્યુનિસિપલ કોર્ટનું ફરમાન

# ગુટખાના કેસમાં કંપનીના નોમીનીને ૫ વર્ષની સખત કેદ

રાજકોટ, તા.૧૨

આજથી ૧૯ વર્ષ પહેલાં મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા લેવાયેલ ગુટકાના સેમ્પલ ફેલ ગયાનો કેસ ચાલી જતા કોર્ટે બરોડાની જાણીતી ગુટખા કંપનીના વારસદાર અનિલ મહેન્દ્રભાઈ પટેલને પાંચ વર્ષની સખત કેદની સજા તેમજ જુદા જુદા બે હુકમ દ્વારા રૂ. ૩,૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો ફટકાર્યો છે

મળતી વિગતો મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય શાખાના ફૂડ સેફટી ઓફિસર એચ.ડી. મોલીયા દ્વારા ૨૦૧૩ના વર્ષમાં ૧૮મી માર્ચના રોજ શહેરમાં બાબા એજન્સી, દુકાન નંબર-૫/૬, ડીએચ ચેમ્બર, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, કુવાડવા રોડ રાજકોટમાં ખાદ્ય ચીજોના ચેકિંગ દરમિયાન ખાદ્ય પદાર્થ શંકાસ્પદ લાગતા ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા દુકાનમાં પડેલા ગુટકાનો નમૂનો લેવામાં આવ્યો હતો. અને પૃથકરણ માટે આગળ મોકલ્યા બાદ આ નમૂનો નિષ્ફળ નિવડતા ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ૨૦૦૬ની કલમ હેઠળ નમુનો અખાદ્ય પદાર્થ માટે અંગેની ફરિયાદ દાખલ કરાવી હતી.

દરમિયાન આ કેસ ચાલી જતા મ્યુનિસિપલ કોર્ટ દ્વારા ગુનો સાબિત માનીને બરોડા સ્થિત જાણીતી ગુટકા ઉત્પાદક ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નોમિની અનિલભાઈ મહેન્દ્રભાઈ પટેલને ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ની કલમ મુજબ પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો છે. સાથે સાથે રૂપિયા ત્રણ લાખનો દંડ ભરવાનો હુકમ કરાયો છે. એ સિવાય જો દંડ ભરવામાં નહીં આવે તો છ માસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવ્યો છે. તેમજ કલમ ૫૮ હેઠળ રૂપિયા ૫૦ હજારનો દંડ કરાયો છે. અને જો આ દંડની રકમ ન ભરે તો વધુ બે માસની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

કેસની વધુ મળેલી વિગતો મુજબ ફૂડ સેફટી ઓફિસે દ્વારા ગેરકાયદેસર ગુટકાના જથ્થામાંથી નમુનો લઈ બરોડા સ્થિત


એડવોકેટ જીગ્નેશ એન.શાહ

સરકાર માન્ય ફૂડ લેબોરેટરીમાં એનાલીસીસ માટે મોકલવામાં આવ્યો હતો. પરંતુ પૃથકરણ દરમિયાન વેચાણ અર્થે રાખેલા ગુટકાની અંદર નિકોટીન જણાયું હતું. આ તત્વ કાયદાથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યું હોવા છતાં પણ ગુટકાની અંદર નિકોટીન વાપરવામાં આવ્યું હોય તેવો ફૂડ એનાલિસ્ટ દ્વારા અભિપ્રાય આપવામાં આવ્યો હતો. અને જે કાયદાથી પ્રતિબંધિત હોય તેમજ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોય તેમ છતાં પણ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા પ્રતિબંધિત ગુટકાનું ઉત્પાદન કરી, રાજકોટ સ્થિત ભાભા એજન્સી દ્વારા આર્થિક લાભ મેળવવાના ઈરાદાથી વેચાણ કરતા હોવાથી મોલિયા યા દ્વારા જરૂરી કાર્યવાહી કરી રાજકોટની મ્યુનિસિપલ કોર્પોરેશન વતી ફરિયાદી બની રાજકોટ મ્યુનિસિપલ અદાલતમાં મેસર્સ ભાભાએજન્સીના માલિક, ફૂડ બિઝનેસ ઓપરેટર રાજકુમાર દયારામ ક્રિષ્નાની તેમજ મેસર્સ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ઉત્પાદક પેઢીના નોમેની અનિલ મહેન્દ્રભાઈ પટેલ તેમજ ઉત્પાદક પેઢી મેસર્સ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ સામે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬મુજબ ફરિયાદ નોંધાવી હતી

ચાલુ ગેસ દરમિયાન મેસર્સ ભાભા એજન્સીના માલિક રાજકુમાર દયારામ ક્રિષ્નાનીનું અવસાન થતા તેઓની સામેનો કેસ પૂર્ણ માનવામાં આવ્યો હતો અને બાકીના આરોપીઓ સામે કેસ આગળ ચાલ્યો હતો. જેમાં મ્યુનિસિપલ કોર્પોરેશન રાજકોટના એડવોકેટ જીગ્નેશ એન. શાહ રોકાયા હતા. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે કોર્ટમાં કેસ ચાલ્યો તે દરમિયાન તારણ કાઢવામાં આવ્યું હતું મેસર્સ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ઉત્પાદક પેઢીના નોમીની અનિલ મહેન્દ્રભાઈ પટેલ તેમજ ઉત્પાદક પેઢી મેસર્સ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા ગુજરાત સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડી ગુટકાનું ઉત્પાદન તેમજ તેના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હોવાની જાણ હોવા છતાં અને મેસર્સ ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને પણ આ કાયદાને કલમ મુજબ બજારમાંથી તમામ ન વેચાયેલ માલ રિકોલ કરી લેવો ફરજિયાત હોવા છતાં પણ વેચાયેલ માલ બજાર માથે રિકોલ કર્યો ન હતો. અને અને જે માલ બજારમાં વેચાણ અર્થે મુક્યો હતો તે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટના કાયદા મુજબ નિકોટીન વાપરવું પ્રતિબંધ હોવા છતાં ઉત્પાદન કરેલ ગુટકાના માલની અંદર નિકોટીન ઉમેરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કર્યા હોય એ કારણે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ ૨૦૦૬ની અલગ-અલગ કલમોનો ભંગ કર્યો હોવાનું મૂળ ફરિયાદી દ્વારા અલગ અલગ હાઇકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ તેમજ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની બહાર પાડવામાં આવેલ અલગ અલગ નોટિફિકેશન રજૂ કરવામાં આવતા આ તમામ વાતને ધ્યાને લઈને રાજકોટનું મ્યુનિસિપલ કોર્ટના જજ કે. આર. ગાંગનાણી દ્વારા ગુટકા ઉત્પાદક કંપની તેમજ ગુટકા ઉત્પાદક ધારીવાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના નોમીની અનીલ મહેન્દ્રભાઈ પટેલને તકસીરવાદ ઠરાવી સજા તેમજ દંડ ફટકારીને જેલ લવાલે કર્યા છે.

શહેરમાં હજુ પણ અનેક જગ્યાએ દુકાનોમાં બેફામ ગુટખા વેચાઈ રહ્યા છે ત્યારે સંબંધિતો શું કરશે તેવો જાગૃત લોકોમાં પ્રશ્ન ઉઠ્યો છે.

# સ્ટાફ સિલેકશનની પરીક્ષાનુ જાહેરનામુ

રાજકોટ, તા.૧૨

શહેરમાં તા. ૧૫ થી ૩૦ દરમિયાન યોજાનાર સ્ટાફ સિલેકશનની પરીક્ષા દરમિયાન સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડી તેર દિવસ જાહેરનામાંનો અમલ કરવા તાકીદ કરી છે.

પરીક્ષામાં પરીક્ષાર્થીઓ કોઇપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી.

શકે તેમજ બહારના કોઇ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા આપતા વિધાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તેમજ પરીક્ષા દરમ્યાન કોઇ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી ૮થી સાંજના ૭ વાગ્યા સુધી શહેરના જે પરીક્ષા કેન્દ્ર (શાળા) માં પરીક્ષા લેવાનાર છે. તે કેન્દ્ર (શાળા) ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુની ૧૦૦ મીટરની ત્રિજીયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ




એકત્રિત થશે નહી કે શાળામાં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થશે નહી કે વિદ્યાર્થી ઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઇ જઇ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઇને પ્રતિબંધ મુકવા અંગેનુ જાહેરનામું પ્રસિધ્ધ કરવું જરૂરી જણાતુ હોવાથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ - ૧૬૩ મુજબનું ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા સ્ટાફ સિલેક્શન કમિશનની પરીક્ષા અંગેના જાહેરનામાનું પાલન કરવા તાકીદ કરાઈ છે.

### ઘરવાળી સાથે બખેડો કરી ભાગી ગયેલા વયોવૃધ્ધની ક્રુર હત્યા

# પાંચ સાળાઓએ વૃધ્ધની કરી ક્રૂર હત્યા

## પત્નિને છોડી વૃધ્ધ કુટુંબી ભાણેજના ઘરે રોકાયા હોઈ સાળાઓએ ત્યાં પહોંચી બીજા ત્રણ જણા સાથે મળી કુહાડાના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા

રાજકોટ તા. ૧૨

હત્યાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં પોતાની બહેન સાથે ઝઘડો કરતાં વારંવાર માથાકુટ કરતાં વયોવૃધ્ધ બનેવીને પાંચ સગા સાળા સહિત આઠ જણાએ ક્રુરતાથી પતાવી દીધા છે. આ ટોળકી એટલા ઝનૂનથી કુહાડા પાઇપથી તૂટી પડી હતી કે વૃધ્ધના પગ કપાઇને નોખા પડી ગયા હતાં. જે થેલામાં ભરીને હોસ્પિટલે લઇ જવાયા હતાં. જો કે સારવાર કારગત નીવડી નહોતી અને વૃધ્ધનું મોત થઇ ગયું હતું. પોલીસે મૃતકના વૃધ્ધના સાળાઓ સહિત આઠ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

વિગતો પર નજર કરીએ તો ગોંડલના વોરાકોટડા રોડ પર રહેતાં વૃધ્ધ પત્નિ સાથે ઝઘડો કરી એક દોઢ મહિનાથી ઘર છોડીને જતાં રહ્યા હતાં. દરમિયાન તે અમરેલીના અરજણસુખ ગામે ગઇકાલે પોતાના કુટુંબી ભાણેજના ઘરે હતાં આ વૃધ્ધાના સાળાઓ સહિત આઠ જણાએ ત્યાં પહોંચી પોતાની બહેનને અરજણસુખ ગામે લઇ આવવા અને સમાધાનની વાત માટે આવવા ભાણેજોને ફોન કર્યો હતો. આ લોકો ગોંડલથી અરજણસુખ ગામે જઇ રહ્યા હતાં અને ત્યાં પહોંચે એ પહેલા જ પાંચ સાળાઓ પોતાના બનેવી પર કુહાડા પાઇપના ઘા ઝીંકી ભાગી ગયા હતાં. તેની સાથે અન્ય ત્રણ અજાણ્યા પણ સામેલ હતાં.

ગંભીર રીતે ઘવાયેલા વૃધ્ધે રાજકોટમાં મોડી રાતે દમ તોડી દેતાં બનાવ હત્યામાં પલ્ટાયો હતો. વૃધ્ધ પોતાના પત્નિ સાથે વારંવાર ડખ્ખા કરતાં હોઇ તે કારણે પોતાની બહેનનું ઉપરાણું લઇને પાંચ ભાઇઓએ બનેવીને ઢાળી દીધાનું ખુલ્યું છે. હુમલામાં આ વૃધ્ધના પગ કુહાડાના ઘાથી નોખા પડી ગયા હતાં. ગોંડલના વોરા કોટડા રોડ પર વિજયનગરમાં રહેતાં સાંઇઠ વર્ષના દિનેશભાઇ વનાભાઇ સોલંકી નામના વૃધ્ધ અમરેલીના અરજણસુખ ગામે પોતાના કુટુંબી ભાણેજ ભરતભાઇ જીણાભાઇ રાઠોડના ઘરે હતાં ત્યારે તેના પાંચ સાળાઓ ચલાલાનો કાનજી મેરામ સાવરીયા, રાજકોટ વેલનાથપરાનો નાનો મેરામ, ભેંસાણનો બાઘો મેરામ, શાપરનો જદુરામ મેરામ અને ગારીયાધારનો બાઘો



મેરામ તથા ત્રણ અજાણ્યા શખ્સો કાર લઇને અરજણસુખ ગામે આવ્યા હતાં.

આ પાંચેય સાળાઓએ પોતાના બનેવી દિનેશભાઇ સોલંકી સાથે સમાધાનની વાતચીત ચાલુ કરી હતી. એ પહેલા પાંચેયએ ગોંડલ રહેતાં ભાણેજોને ફોન કરી પોતાની બહેન રતનબેનને સાથે લઇ અરજણસુખ ગામે આવવા અને સમાધાનની વાત કરવા બોલાવ્યા હોઇ દિનેશભાઇના પુત્ર પંકજભાઇ સહિતના પણ પોતાના માતા રતનબેનને સાથે લઇ અરજણસુખ ગામે જવા રવાના થયા હતાં. પંકજભાઇ સહિતના કુકાવાવ પાટીયે પહોંચ્યા ત્યારે મામા સાથે ફોનમાં વાત ચાલુ હતી.

આ વખતે પંકજભાઇ સહિતે મારામારી થતી હોય તેવો દેકારો ફોનમાં સાંભળ્યો હતો. આથી તેણે ગભરાઇને ફોન મુકી દીધો હતો. આ પછી પંકજભાઇને ખબર પડી હતી કે તેના પિતા દિનેશભાઇ ઉપર પાંચ મામા સહિત આઠ જણા કુહાડા પાઇપથી હુમલો કરી ભાગી ગયા છે અને પિતા દિનેશભાઇને કુટુંબી ભાણેજના પત્નિ મનિષાબેન ભરતભાઇ રાઠોડે અમરેલી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ વહેલી દિનેશભાઇએ દમ તોડી દીધો હતો. હુમલાખોરોએ કુહાડાના એવા ઘા માર્યા હતાં કે દિનેશભાઇના પગ નોખા પડી ગયા હતાં. થેલામાં નાંખીને છુટા પગેલા પગ હોસ્પિટલે લઇ જવાયા હતાં. એવી હાલતમાં તેમને અમરેલી અને બાદમાં રાજકોટ ખસેડાયેલ.

પરંતુ અહિ સારવારમાં મૃત્યુ થતાં બનાવ હત્યામાં પરિણમતા હોસ્પિટલ ચોકીના એએસઆઇ રામશીભાઇ વરૂ, અમૃતભાઇમકવાણા સહિતે જાણ કરતાં અમરેલી પોલીસે રાજકોટ આવી જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે ઘટના સમયે હાજર મનિષાબેન ભરતભાઇ રાઠોડની ફરિયાદ પરથી પોલીસે હત્યાનો ભોગ બનેલા પાંચ સાળા કાનજી, હકુ, જદુરામ, બાઘો અને નાનો અને ત્રણ અજાણ્યા શખ્સો સામે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. હત્યાનો ભોગ બનનાર દિનેશભાઇ સોલંકી ગોંડલમાં પગીપણું કરી ગુજરાન ચલાવતાં હતાં. તે ત્રણ બહેન અને છ ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં બે દિકરી અને ત્રણ દિકરા છે.

પત્નિ રતનબેન સાથે તેને માથાકુટ ચાલતી હોઇ તે એક દોઢ મહિના પહેલા પત્નિ સાથે મારામારી કરી ભાગી ગયા હતાં. આ કારણે સાળાઓએ મનદુઃખ રાખી હુમલો કર્યાનું અને હત્યા નીપજાવ્યાનું ખુલ્યું છે. ડીવાયએસપી ચિરાગ દેસાઇના માર્ગદર્શનમા તપાસ શરૂ કરી આરોપીઓને ઝડપી લેવા ટીમોએ દોડધામ શરૂ કરી છે.

### વ્યાજંકવાદના મુળીયા ઉખેડવા પોલીસના પ્રયાસો પરંતુ નક્કર સફળતા મળતી નથી

# વ્યાજખોર બેફામ: ૨૦ લાખમાં વિધવાનું મકાન પચાવી પાડ્યું

## તેર વર્ષ સુધી વીસ લાખનું વ્યાજ નિયમીત ભર્યુ: હવે ન ભરી શકતાં વ્યાજખોરે ન કરવાનું કર્યુ: પોલીસે દાખલ કરી એફઆઈઆર: અનેક કિસ્સાઓમાં તો ફરિયાદ પણ થતી નથી

રાજકોટ, તા. ૧૨
વ્યાજંકવાદ અટકતો જ નથી. તાજેતરમાં રાજકોટમાં વ્યાજખોરોએ એક કરોડ સામે પંચાવન લાખ વસુલી લીધા પછી બીજા અઢી કરોડ માંગી તેમજ મુડી વ્યાજ સહિત દસ કરોડની ઉઘરાણી કરતાં યુવાન ડરીને ઘર મુકી જતો રહ્યાની અને બાદમાં વ્યાજખોરોએ આ યુવાનના તલાટી મંત્રી ભાઇ પર હુમલો કરાવી ફ્રેકચર કરાવી નાંખ્યાની ઘટના સામે આવી હતી. જેમાં આરોપીઓ રિમાન્ડ પર છે ત્યાં નવી વ્યાજખોરીની ઘટના સામે આવી છે. જેમાં એક વિધવા મહિલાએ વ્યાજે લીધેલા વીસ લાખની સામે તેનું આખુ મકાન પચાવી પાડવામાં આવ્યું છે. વિધવા પાસે અભદ્ર માગણી કરી શારીરિક અડપલા કરી તેને અને તેના પુત્રને ઘરમાંથી કાઢી મુકાયા હતાં અને મારી નાખવાની ધમકી અપાઇ હતી.

ઘટનાની માહિતી અનુસાર અમરોલી સાંઇ લાઇટ રેસીડેન્સીમાં રહેતી સાડત્રીસ વર્ષની વિધવાને પૈસાની જરૂર પડતા વ્યાજખોર રાણા ભગા ભમ્મર પાસેથી વીસ લાખ બે ટકાના વ્યાજે લીધા હતા. જેના બદલામાં રાણાએ તેમનું પુણામાં આવેલું મકાન લખાવી લીધુ હતું. માર્ચ ૨૦૨૫ સુધી દર મહિને વિધવાએ નિયમિત વ્યાજ ચૂકવ્યું હતું. ત્યારબાદ પૈસાની સગવડ નહી થતા વ્યાજ ચુકવી શકયા ન હતા. જેથી રામાએ ઉઘરાણી શરૂ કરી ધમકી આપીને માતા-પુત્રને મકાનમાંથી કાઢી મૂકી કબજો કરી લીધો હતો. એટલુ જ નહીં વધુ વ્યાજની માંગણી કરી વિધવા ઘરમાં એકલી હતી ત્યારે રાણા ઘરે પહોંચી જઇ અડપલા કરીને બિભત્સ માંગણી કરી હતી. વિધવાની ફરિયાદ પર પૂણા પોલીસે રાણા આહિર સામે ગુનો દાખલ કર્યો હતો.

વિશેષ વિગતો પર નજર કરીએ તો આ ઘટના સુરતના કોસાડ વિસ્તારની છે. અહિ રહેતી સાડત્રીસ વર્ષીય વિધવાએ વ્યાજે લીધેલા નાણાં વ્યાજ સહિત ચુકવી આપ્યા હોવા છતાંયે




વ્યાજખોરોએ વધુ પૈસાની માંગણી કરી છેડતી કરી હતી. વ્યાજખોરો તેની અભદ્ર માંગણી નહી સંતોષાતા વિધવાનું મકાન પચાવી પાડી દીકરા સહિત જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે પૂણા પોલીસના જાણવા મુજબ કોસાડ ડી-માર્ટ પાસે રહેતા સાડત્રીસ વર્ષીય વિધવાએ ૨૦૧૩ની સાલમમાં રાણા ભગા ભમ્મર કે જે વરાછાની સપના સોસયટી, મારૂતીચોકમાં રહે છે તેની પાસેથી બાવસ લાખ રૂપિયા બે ટકાના વ્યાજે લીધા હતા.

જેની સામે વિધવાએ સિક્યુરીટી પેટે તેમનું પૂણાગામ ગુરુકુપા સોસાયટીમાં આવેલ મકાન નામ ઉપર કરાવી લીધુ હતું. વિધવાએ વ્યાજખોર રાણા આહિરને માર્ચ ૨૦૨૫ સુધી દર મહિને રોકડથી તેમજ ઓનલાઈથી વ્યાજ ચુકવી આપતા હતા. આ પછી હાલમાં વિધવાની પાસે પૈસાની સગવડ નહી થતા વ્યાજ ચુકવી શકતા ન હતા. રાણા તેમના ઘરે જઈ વ્યાજની રકમની પઠાણી ઉઘરાણી કરતા વિધવાએ તેની પાસે વ્યાજ આપવા સમયની માંગણી કરતા ઘર ખાલી કરવાની તેમજ દીકરા સાથે જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ એક દિવસ વિધવા ઘરે એકલા હતા તે વખતે રાણા આહિર તેમના ઘરે પહોંચી જઈ શારીરીક અડપલા કર્યા હતા.

રાણાએ અડપલા કરવાની સાથે અભદ્ર માંગણી કરી હતી. જોકે વિધવા તેમના તાબે નહી થતા જાનથી મારી નાંખવાની ધમકી આપી મકાન પચાવી પાડ્યું હતુ. રામાએ ઉઘરાણી શરૂ કરી ધમકી આપીને માતા-પુત્રને મકાનમાંથી કાઢી મૂકી કબજો કરી લીધો હતો. એટલુ જ નહીં વધુ વ્યાજની માંગણી કરી વિધવાની ફરિયાદ પર પૂણા પોલીસે રાણા આહિર સામે ગુનો દાખલ કર્યો હતો. પૂણા પોલીસે વિધવાની ફરિયાદ લઈ વ્યાજખોર રાણા આહિર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. વ્યાજખોરીને ડામવા સરકાર પોલીસ સમયાંતરે પ્રયાસો કરે છે. લોકો દરબારો યોજી વ્યાજખોરો સામે ધડાધડ એફઆઈઆર દાખલ કરી તેને જેલભેગા કરે છે. આમ છતાં આવી ઘટનાઓ અટકતી નથી. આ પ્રકારના મોટા ભાગના કિસ્સાઓમાં તો ડર કે ભય અથવા સમાજમાં બદનામીના ડરને કારણે ભોગ બનનાર પોલીસ ફરિયાદ કરવા પણ જતાં હોતાં નથી.

---

### લવલફરામાં લોહીયાળ ટ્વીસ્ટ: મવડીના પરણેલા નિકુંજને સરધારની કુવારી હીના સાથે હતું અફેર: લગ્ન મુદ્દે વાત વણસતાં કાળઝાળ પ્રેમીએ ખેલ્યો ખૂની ખેલ

# પ્રેમીકાને છરી ઝીંકી પ્રેમીએ કર્યો આપઘાતનો પ્રયાસ

## પ્રેમી અને પ્રેમિકા બંનેની હાલત ગંભીર: યુવાન મુળ જામકંડોરણાના રાજપરાનો વતની : પત્નિ રિસામણે જતી રહી છે : આજીડેમ પોલીસે દ્વારા કાર્યવાહી



રાજકોટ, તા. ૧૨
પ્રેમ લવલફરામાં ડખ્ખાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. આડાઅવળા સંબંધોમાં ઘણીવાર વાત વણસી જાય તો આત્મહત્યા કે હત્યા સુધી પહોંચી જતી હોય છે. એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં રાજકોટના મવડી ચોકડી પાસે રહેતાં પરણેલા યુવાનને રાજકોટના જ સરધાર ગામની કુંવારી યુવતિ સાથે પ્રેમ હોઇ આ પ્રેમકહાનીમાં કોઇ કારણે વાંધો આવતાં પરણેલો પ્રેમી કાળઝાળ થઇ સરધાર પહોંચી ગયો હતો અને પ્રેમિકા પર છરીથી તૂટી પડી તેને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. આ પછી પોતાના પેટમાં પણ છરીના ઘા મારી લઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ બંને ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. આ બનાવે સરધાર-રાજકોટમાં ચકચાર જગાવી દીધી છે.

અઢી અક્ષરની પ્રેમકહાની લોહીયાળ બની ગઇ તેની વિગતો જોઇએ તો મવડી વિસ્તારમાં રહેતાં પરણેલા યુવાનને સરધાર રહેતી કુંવારી યુવતિ સાથે પ્રેમ હોઇ બંને વચ્ચે કોઇ બાબતે માથાકુટ થતાં આ યુવાને સરધાર જઇ પ્રેમિકાને છરીના ઘા ઝીંકી દઇ ગંભીર ઇજા પહોંચાડતાં તેણીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. પ્રેમિકાને મારી નાખવાના ઇરાદે હુમલો કર્યા બાદ આ યુવાને પોતાના પેટમાં, હાથમાં પણ જાતે છરીના ઘા ભોંકી દીધી હતાં. આ ઘટનામાં બંનેને હાલત ગંભીર બની ગઇ હતી. વિશેષ માહિતી અનુસાર મવડી ચોકડી પાસે સિતારામ ચોકમાં રહેતાં નિકુંજ અરવિંદભાઇ વેકરીયા નામના ત્રીસ વર્ષના યુવાને પોતે સવારે અગીયારેક વાગ્યે સરધાર ગામમાં ધાણી ચોકમાં હતો ત્યારે પોતાની જાતે પોતાના પેટમાં, હાથે, શરીરે છરીના ઘા મારી લેતાં તેને ગંભીર ઇજા થતાં ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતાં પોલીસ ઇન્સ. અશોકસિંહ બી. જાડેજા, પીએસઆઇ એચ. જે. સોલંકી સહિતના સ્ટાફે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન એવી વિગત ખુલી હતી કે નિકુંજે આપઘાતનો પ્રયાસ કર્યો એ પહેલા તેણે સરધારમાં રહેતી હીના ભરતભાઇ બુંડાસણા કે જે ત્રીસ વર્ષની વયની છે તેણી ઉપર છરીથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં તેણીને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રેમિકા પર હુમલો કર્યા બાદ નિકુંજે આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

વધુ માહિતી મુજબ પ્રેમીકાની હત્યાનો પ્રયાસ કર્યા બાદ આપઘાતનો પ્રયાસ કરનાર નિકુંજ મુળ જામકંડોરણાના રાજપરા ગામનો વતની છે. હાલ તે મવડી ચોકડી સિતારામ ચોકમાં રહે છે. તેના લગ્ન પાંચ વર્ષ પહેલા થયા છે, તેને સંતાન નથી. પોતે પ્લમ્બીંગ કામ કરી ગુજરાન ચલાવે છે. તેના પિતા ખેતી કરે છે. પોતે એક બહેનથી મોટો છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ નિકુંજ પરણેલો છે અને હાલ તેની પત્નિ રિસામણે છે. તેને સરધારની હીના સાથે પ્રેમ હતો.

પ્રેમી પંખીડા વચ્ચે લગ્ન અને છુટાછેડા બાબતે કે અન્ય કોઇ મુદ્દે માથાકુટ થયા બાદ પ્રેમીકાએ લગ્નની જીદ પકડતાં કે પછી અન્ય વાતે ડખ્ખો થતાં પ્રેમી નિકુંજ ઉશ્કેરાઇ ગયો હતો. તેની પત્નિ રીસામણે જતી રહેતાં તે ક્રોધીત થઇ ગયો હતો અને સરધાર પહોંચી ત્યાં રહેતી પ્રેમિકા હીના સાથે ઝઘડો કરી છરીથી તુટી પડી આડેધડ ઘા મારી દીધા હતાં. બાદમાં પોતે પેટમાં છરીના ઘા ઝીંકી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ખરેખર શું બન્યું? કયા કારણે આ ઘટના બની તેની વિશેષ તપાસ થઇ રહી છે.

---

### લેભાગુઓથી ચેતતા રહો, બચતા રહો...લલચાશો તો ચોક્કસ ફસાઇ જશો: બે લાલબત્તી સમાન કિસ્સા

# રોકાણના નામે એકત્રીસ લાખનો ચૂનો

## એક વેપારીનો ફેસબૂક મારફત યુવતિએ સંપર્ક કરી યુએસડીટીમાં રોકાણ પર એક ડોલર સામે એક રૂપિયો નફો આપવાની લાલચ આપી હતી: બીજા સાથે મિત્રનો મિત્ર ફ્રોડ કરી ગયો

રાજકોટ, તા. ૧૨
રોકાણના નામે ઠગાઇના કિસ્સા અટકતા નથી. રોજ ઉઠીને કોઇ છેતરાઇ જતું હોય છે. ઘણા ફરિયાદ કરતાં હોય છે તો ઘણા પોલીસ સુધી પણ પહોંચતા નથી. યુએસડીટીમાં રોકાણના નામે યુવતિએ સોશિયલ મિડીયા ફેસબૂકથી વેપારીને ફસાવી એકત્રીસ લાખ ખંખરી લીધા છે. રોકાણ પર દસ ટકા કમીશનની લાલચ આપી તેમજ એક ડોલર પર એક રૂપિયો આપવાની લાલચ દઇ આ ઠગાઇ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના અમદાવાદમાં બની છે. અહિ યુએસડીટીના નામે ઠગાઇના બે કિસ્સા સામે આવ્યા છે. એક કિસ્સામાં વેપારીએ સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતીનો સંપર્ક થતા દસ ટકા કમિશનની લાલચ આપી યુએસડીટીમાં રોકાણ કરવાના બહાને એકત્રીસ લાખ પડાવ્યા, જ્યારે અન્ય એક વેપારીને પરિચિત વ્યક્તિએ એક ડોલર પર એક રૂપિયા કમિશન આપવાનું કહીને દસ લાખ રૂપિયાના યુએસડીટી મેળવીને પૈસા આપ્યા ન્હોતા. બંને મામલે પોલીસે અલગ અલગ ગુના નોંધી તપાસ હાથ શરૂ કરી હતી. સોલામાં રહેતા શૈલેષ પટેલે સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી છે. તેના આધારે તપાસ શરૂ થઇ છે.



છેતરાયેલા વેપારી બિલ્ડીંગ મટીરીયલ સપ્લાયનો વેપાર કરે છે. થોડા સમય અગાઉ તેમને ફેસબુક પર યુવતીનો સંપર્ક થયો હતો. યુવતીએ તેમની સાથે વાતચીત કરીને તેમને ડોલરમાં ઈન્વેસ્ટ કરવાનું જણાવ્યું હતું. શૈલેષભાઈએ યુવતી પર વિશ્વાસ રાખીને વધારે વાતચીત કરી હતી. ત્યારે યુવતીએ ડોલરમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાથી દસ ટકા નફો મળશે તેવી લાલચ આપી હતી. શૈલેષભાઈ યુવતીની વાતો આવી ગયા હતા. ત્યારબાદ યુવતીએ એક લિંક મોકલી હતી, જેમાં શૈલેષભાઈએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. શૈલેષભાઈને એક કંપનીમાંથી કોલ આવ્યો હતો. પોતે કસ્ટમર કેરમાંથી હોવાનું જણાવીને અલગ અલગ બેન્ક એકાઉન્ટનો નંબર આપ્યા હતા, જેમાં આરટીજીએસ કરવાનું કહ્યું હતું.

આ પછી શૈલેષભાઈએ ટુકડે ટુકડે અલગ અલગ બેન્ક એકાઉન્ટમાં ૩૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કરીને ડોલર માટે ઈન્વેસ્ટમેન્ટ કર્યુ હતું. આ પૈસા ભર્યા બાદ તેમને દસ ટકાથી વધુનો નફો બતાવવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પૈસા ઉપાડવાના પ્રયાસ કરતા પૈસા ઉપડ્યા ન હતા અને તેમને વધારે ઈન્વેસ્ટમેન્ટ કરવાનું કહ્યું હતું. શૈલેષભાઈને વિશ્વાસ આવે તે માટે તેમને ૯૯૦૦ રૂપિયા નફામાંથી ઉપાડવા દીધા હતા, પરંતુ બીજી રકમ ના ઉપાડતા શૈલેષભાઈને શંકા ગઈ હતી. જેથી તેમને વેબસાઈટ પર તપાસ કરી ત્યારે તેમની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી. આ અંગે તેમણે સાયબર ક્રાઇમ હેલ્પલાઇનની મદદ મેળવી હતી.

આવી જ બીજી ઘટના જોઇએ તો અમદાવાદ સાયબર ક્રાઈમમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. નરોડામાં રહેતા રાજેશ કટકમે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ફોરેક્સ ટ્રેડિંગ અને સ્ટોક માર્કેટનું કામ કરે છે. ચાર મહિના અગાઉ તેમના દુબઈમાં રહેતા મિત્ર સતીશભાઈ દ્વારા તેમનો સંપર્ક સતિષભાઈના મિત્ર અખિલ સાથે થયો હતો. અખિલે તેમને જણાવ્યું હતું કે યુએસડીટીનું કામ કરો મારી પાસે ઘણા ગ્રાહક છે, પરંતુ સગવડ હોવાથી રાજેશભાઈએ ના પાડી હતી. ત્યારબાદ અખિલે રાજેશભાઈને વ્હોટ્સએપ કોલ કરીને કહ્યું હતું કે, મારે એક પાર્ટીને દસ લાખ રૂપિયાનું યુએસડીટી કરવાનું છે તમે કરશો તો ભારતીય એક રૂપિયા કમિશન પેટે આપીશ. જેથી રાજેશભાઈએ તેમના મિત્ર સતીષભાઈને કહ્યુ હતું કે, મારી સ્થિતિ હાલ ખરાબ છે અને મારા બાઈનેન્સ બ્લોક થઈ ગયા છે.

જેથી તમે મારા મિત્ર સાગર જાનીના બાઈનાન્સ વોલેટમાં યુએસડીટી કરી આપો. સતિષભાઈએ રાજેશભાઈના મિત્ર સાગરના વોલેટમાં ૧૦.૬૨ લાખ રૂપિયાના યુએસડીટી કરી આપ્યા હતા. યુએસડીટી આવ્યા બાદ રાજેશભાઈએ અખિલનો સંપર્ક કર્યો હતો. અખિલે રાજેશભાઈને સી.જી રોડ પર ઈસ્કોન આર્કેડ ખાતે મળવા માટે બોલાવ્યા હતા. અખિલ અને તેની સાથે એક્ટિવા લઈને આવેલા વ્યક્તિએ રાજેશભાઈને એક્ટિવાની ડેકીમાં દસ લાખ રૂપિયા બતાવ્યા પણ હતા. રાજેશભાઈએ તેમના મિત્રના વોલેટમાંથી ૯૦.૮૦ રૂપિયાના ભાવે ૧૧,૦૧૩ યુએસડીટી અખિલના વોલેટમાં ટ્રાન્સફર કર્યા હતા. ટ્રાન્સફર કર્યા બાદ અખિલે કહ્યું કે, મારા વોલેટમાં હજુ પૈસા આવ્યા નથી જોકે રાજેશભાઈએ સ્ક્રીનશોટ પણ મોકલ્યા છતાં નાણા મળ્યા નહોતાં. આમ કહી દસ લાખ લઇ જતો રહ્યો હતો.

---

# પેંડા ગેંગનો ઋતુરાજ તમંચા સાથે ઝડપાયો

## મંગળા રોડ પરના ફાયરિંગ પ્રકરણમાં સંજયરાજસિંહને ઋતુરાજે આપ્યું'તું હથિયાર

રાજકોટ, તા.૧૨
શહેરમાં ગત ૨૯મી ઓક્ટોબરના રોજ, મંગળા મેઈન રોડ ઉપર, પ્રગતિ હોસ્પિટલ પાસે બે ગેંગના સામસામા ફાયરિંગના બનાવ અંગે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ગુનામાં જીગ્નેશ ઉર્ફે ભઈલો દિનેશ રાબા વાળાએ બનાવ સમયે ફાયરિંગમાં વાપરેલું હથિયાર સંજયરાજસિંહ મહેન્દ્રસિંહ ઝાલાએ આપ્યું હોય તેમને અગાઉ હથિયાર સાથે પકડી પાડી, હથિયારનો ગુનો અલગથી દાખલ કરવામાં આવ્યો હતો.

આવા સમયે સંજયરાજસિંહ ઝાલાને હથિયાર ઋતુરાજસિંહ ચંદ્રસિંહ જાડેજાએ આપ્યું હોવાનું બહાર આવતા પોલીસ ઋતુરાજસિંહને




શોધતી હતી. બીજી બાજુ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા તેમજ નાયબ પોલીસ કમિશનર(ક્રાઇમ) જગદીશ બાંગરવા દ્વારા આવા આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા આદેશો અપાયા હતા.

તે અનુસંધાને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પી.આઈ સંજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.કે. ઝાલા તેમજ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે એ.એસ. આઇ રાજેશભાઈ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાને બાતમી મળી હતી કે ફાયરિંગ પ્રકરણમાં સંજયરાજસિંહને હથિયાર આપનાર ઋતુરાજસિંહ ઝાલા નામનો શખ્સ અશોક ગાર્ડન પાસે, જાહેરમાં દેશી તમંચા તેમજ કાર્ટીસ સાથે ઉભો છે.

બાતમીના આધારે પોલીસે ત્યાં ત્રાટકતા નવલ નગરની શેરી-૩માં રહેતો ઋતુરાજસિંહ ચંદ્રસિંહ જાડેજા નામનો શખ્સ ૫ હજારના દેશી તમંચો અને ૩ કાર્ટીઝ તેમજ આઈફોન સાથે પકડાઈ ગયો હતો

પોલીસે વધુ વિગતો આપી હતી કે ઋતુરાજસિંહ સામે અગાઉ ગાંધીગ્રામ, માલવિયા નગર અને આજીડેમ પોલીસ સ્ટેશનમાં નાના મોટા ગુના નોંધાય ચૂક્યા છે. તેમને પકડવામાં પીઆઈ એસ.એમ. જાડેજા, પી.એસ.આઇ. વી. કે. ઝાલા, એ.એસ.આઇ રાજેશભાઈ બાળા, હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજા, હરદેવસિંહ જાડેજા, મહાવીરસિંહ ઝાલા, યોગરાજ સિંહ ગોહિલ તેમજ કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલા સહિતની ટીમ રોકાઈ હતી.

---

### હવસખોર વિકૃતીયાઓ કોઇપણ હદ સુધી જાય છે: બે ચોંકાવનારા કિસ્સા

# મનોદિવ્યાંગ મહિલાને ઉઠાવી બે શૈતાનનો ગેંગરેપ

## બીજી ઘટનામાં યુવતિનો બદઈરાદે પીછો કરતો ઢગો છેક ઘર સુધી પહોંચ્યો: દેકારો મચતાં લોકોએ દબોચી ખોખરો કરી પોલીસને સોંપ્યો

રાજકોટ, તા. ૧૨
રાજ્યમાં જે રીતે ચોરી, લૂંટ, ચિલઝડપ, મારામારી, હત્યાની કોશિષ, હત્યા સહિતની ઘટનાઓ અને ફ્રોડની ઘટનાઓ વધી ગઇ છે એ જ રીતે બળાત્કાર છેડતીની ઘટનાઓ પણ વધી ગઇ છે. રોજબરોજ કોઇને કોઇ શહેર કે ગામના પોલીસ સ્ટેશનોમાં આ પ્રકારની ફરિયાદ દાખલ થતી જ રહે છે. વધુ એક ઘટના સામે આવી છે જેમાં મનોદિવ્યાંગ યુવતિ સાથે બે હવસખોરોએ બળાત્કાર ગુજારી લીધો છે. પોલીસે ગેંગરેપનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ યુવતિને ઉઠાવીને કોઇ અવાવરૂ જગ્યાએ લઇ જઇ બંનેએ પીંખી નાંખી હતી. બીજી ઘટનામાં એક નશેડી યુવતિનો પીછો કરતો કરતો છેક તેના ઘર સુધી પહોંચી ગયો હતો. લોકોએ તેને દબોચી પોલીસને સોંપ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો મનોદિવ્યાંગ યુવતિ સાથે દૂષ્કર્મના મામલે પોલીસે ગેંગરેપનો ગુનો નોંધ્યો છે. આ ઘટના નડીયાદના લિંબાસી પંથકની છે. લીંબાસી પંથકની મનોદિવ્યાંગ મહિલાને અવાવરું જગ્યાએ લઈ જઈ બે શખ્સોએ દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. લીંબાસી પંથકની ચાલીસ વર્ષની મનોદિવ્યાંગ



મહિલા રાત્રે ઘરે એકલી હતી. દરમિયાન તેની એકલતાનો લાભ ઉઠાવી ઉમેશભાઈ રમણભાઈ પ્રજાપતિ તેમજ દિનેશભાઈ વિનુભાઈ ચુનારા અપહરણ કરી અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા. બાદમાં મનોદિવ્યાંગ મહિલા ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવ અંગે પીડિતાના પિતાની ફરિયાદના આધારે લીંબાસી પોલીસે બંને વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો અમદાવાદના શાહીબાગમાં રહેતી યુવતી ઘરની કામવાળીને કેશવનગર મૂકવા ગઈ હતી જે બાદ ગાડી લઈને પરત ફરી રહી હતી ત્યારે એક કારચાલક યુવતીનો પીછો કરતા યુવતીની સોસાયટીમાં આવી ગયો હતો. યુવતીની ગાડીનો દરવાજો ખોલવા અનેક પ્રયત્ન કર્યા હતા. જોકે આજુબાજુના લોકો ભેગા થઈ જતા પોલીસને જાણ કરી હતી.પોલીસે દારૂ પીધેલા યુવકની ધરપકડ કરી છેડતી અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. શાહીબાગમાં રહેતી ઓગણીસ વર્ષીય યુવતી કોલેજના -થમ વર્ષમાં અભ્યાસ કરે છે.ગઈકાલે રાતે યુવતીના ઘરે આવેલી કામવાળીને યુવતી તેના ઘરે મૂકવા કેશવનગર ગઈ હતી.

કામવાળીને મૂકીને યુવતી સુભાષબ્રિજ પરથી કારમાં પરત આવી રહી હતી ત્યારે એક ઈકો સ્પોર્ટ્સ કારનો ચાલક યુવતીનો પીછો કરી રહ્યો હતો જે છેક યુવતીની સોસાયટીની અંદર આવી ગયો હતો.કાર ચાલક તેની કારમાંથી તરીને યુવતીની કારનો દરવાજો ખોલવા પ્રયાસ કરી રહ્યો હતો જોકે યુવતીએ દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. આ દરમિયાન સોસાયટીના રહીશો ભેગા થયા હતા.યુવતીના પિતા પણ નીચે આવ્યા હતા. તમામે જ્યારે યુવકની પૂછપરછ કરી ત્યારે યુવકે પોતાનું નામ લક્ષ્મણ મારવાડી જણાવ્યું હતું.ત્યારબાદ યુવકની ગાડી તપાસતા દારૂની બોટલ મળી આવી હતી.યુવકને મોઢામાંથી પણ દારૂની વાસ આવતી હતી જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી.માધવપુરા પોલીસે સ્થળ પર પહોંચીને યુવકની અટકાયત કરી યુવતીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. આમ હવસખોરોએ હદ વટાવ દીધી હતી. એક તરફ મનોદિવ્યાંગ મહિલા સાથે બળજબરી આચરી હતી. તો બીજી તરફ એક વિકૃત બદઇરાદે યુવતિના ઘર સુધી પહોંચી ગયો હતો.

### શાંત શહેરમાં આવુ ગમે ત્યારે થઇ જાય, વાતમાં કઇં ન હોય ને વતેસર થઇ જાય

# થોરાળામાં ટોળાએ કાયદો વ્યવસ્થાની કરી ઐસી કી તૈસી

## વાહન પાર્કીંગ મામલે બે-પાંચ નહિ એકવીસ જણાએ ભેગા થઇ બે યુવાન પર છરી, તલવાર, બાટલીઓ, પથ્થરોથી હુમલો કર્યો એકને ગંભીર ઈજાઃ જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ટૂકડા કરી ફેંકી દેવાની ધમકી પણ દેવાઈઃ થોરાળા પોલીસે કરી કાયદેસરની કાર્યવાહી

રાજકોટ, તા. ૧૨

શાંત ગણાતા રાજકોટ શહેરમાં નહિ જેવી વાતે લોકો હથીયાર લઈને નીકળી જાય અને કાયદાની ઐસી તૈસી કરી નાખે તેવી ઘટનાઓ સામાન્ય બની ચુકી છે. નવા થોરાળામાં પાર્કિંગ જેવી વાતે માથાકુટ થતાં એક યુવાન ઉપર પાંચ સાત નહિ પણ એકવીસ જણાએ જેટલા શખ્સોએ ટોળકી રચી હીચકારો હુમલો કરી દીધો હતો. છરી, તલવાર, સોડા બાટલી, પથ્થર ઇંટથી થયેલા હુમલાને કારણે આ યુવાનને ગંભીર ઇજાઓ પહોંચી હતી. તો તેના મિત્રને આ ટોળકીએ કટકા કરી ફેંકી દેવાની ધમકી આપી હતી. વાત માત્ર પાર્કિંગ મામલે થયેલી માથાકુટની હતી. પણ ટોળકીઓ કેટલા ઝનૂન સાથે નીકળી પડે છે અને કાયદો વ્યવસ્થાની કેવી રીતે ઐસી તૈસી કરે છે તે આ ઘટનામાં સામે આવ્યું હતું.





વિગતો પર નજર કરીએ તો નવા થોરાળામાં ટોળકીએ એક યુવાન અને તેના મિત્ર પર હીચકારો હુમલો કરી દીધો હતો. આ હુમલો કરતાં પહેલા ટોળકીએ સોડા-બાટલીઓના ઘર કરી છરી, તલવારો ધારણ કરી હાકલા પડકારા કર્યા હતાં. યુવાનના મિત્રને પણ તું અહિથી ભાગી જા નહિતર તારા કટકા કરી નાંખશુ કહી ધમકી દઇ તેને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરાયો હતો. થોરાળા પોલીસે રાયોટીંગ, એટ્રોસીટી, ધમકી, હુમલાનો ગુનો નોંધ્યો હતો અને તમામ આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

વધુમ માહિતી અનુસાર થોરાળા પોલીસે નવા થોરાળા વણકરવાસ શેરી નં. ૪ મોમાઇ પાન પાસે રહેતાં ચંદ્રકાંતભાઇ ઉર્ફ સંજય દલાભાઇ ખીમસુરીયા નામના પાંત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી શબ્બીર ઉર્ફ બોદુ ઓડીયા, હિરેન કેશુ રાણપરીયા, અશરફ ઓડીયા, અબીદ ગનીભાઇ ઓડીયા, અરબાઝ રફીકભાઇ રાઉમા, અબ્દુલ અનવરભાઇ દલ, અલી રજાકભાઇ દલ, અલી રજાકભાઇ શેખ, ગુલામ રજાકભાઇ શેખ, ગુલામ રજાકભાઇ શેખ, શાહીદ અશરફભાઇ ઓડીયા, અશરફની દિકરી અને આઠથી દસ અજાણ્યા સામે નવ એફઆઇઆર દાખલ કરી હતી.

આરોપ મુકાયો છે કે આ બધાએ ગેરકાયદે મંડળી રચી બોટલો-પથ્થરોના ઘા કરી છરી, તલવારોથી હુમલો કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ધમકી દીધી હતી. ચંદ્રકાંતભાઇ ડ્રાઈવીંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે હું મંગળવારે સાંજે સાડા પાંચેક વાગ્યે સોરઠીયાવાડી સર્કલે હતો ત્યારે મને રોહિત ઉર્ફે બાઠી રાઠોડનો ફોન આવેલ કે વીસથી પચ્ચીસ લોકો મારા પર હુમલો કરવા આવે છે તું જલ્દી ઘર નજીક આવ. આથી હું નવા થોરાળા ગોકુલપરા-૬ સ્વામિનારાયણ સ્કૂલ પાસે પહોંચ્યો ત્યારે મેં જોયુ તો પથ્થર, બોટલોના ઘા થતાં હતાં. આ શખ્સોના હાથમાં છરી તલવારો હતી. જેમાં શબ્બીર, હિરેન, અશરફ, અબીદ, અરબાઝ, અબ્દુલ, અલી, ગુલામ, શાહીદ, અશરફની દિકરી અને બીજા આઠ દસ અજાણ્યા શખ્સો હતાં.

ચંદ્રકાંતભાઇએ વધુમાં કહ્યું કે આ બધા મારી પાસે આવી ગયા હતાં અને મને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત થવાય એવા શબ્દો કહી 'તું અહિથી ભાગી જા નહિતર તારા બે કટકા કરી નાંખશુ' તેવી ધમકી આપી હતી. મને બીક લાગતાં હું દૂર ભાગી ગયો હતો. ત્યારે લક્ષ્મીબેન પરમાર, શાંતુબેન મકવાણા, શ્રધ્ધાબેન મકવાણા અને અન્ય શેરીના લોકો હાજર હહતાં. આ દરમિયાન પોલીસની ગાડી આવી હતી. રોહિત ઉર્ફ બાઠીને ઇજા થઇ હોઇ કોઇએ ૧૦૮ બોલાવતાં તેને તેમાં બેસાડી હું, પ્રકાશ પરમાર સહિતના હોસ્પિટલે લઇ ગયા હતાં.

તબિબના કહેવા મુજબ રોહિત ઉર્ફ બાઠીને ગંભીર ઇજા પહોંચી હતી. તેને વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઇ જતાં આઇસીયુમાં દાખલ કરાયો છે. આ માથાકુટ શેના કારણે થઇ તેની મને ખબર નથી. આ માથાકુટ ઘર પાસે બાઇક કરવા મામલે આ માથાકુટ થયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હોઇ પોલીસ ઇન્સ. એન. જી. વાઘેલા, પીએસઆઇ એ. પી. રતન, પીએસઆઇ એમ. એસ. મહેશ્વરી અને ટીમોએ કાયદેસરની કાર્યવાહી કરી હુમલાખોરોને શોધી કાઢવા તજવીજ આદરી હતી. કઇ રીતે લોકો ગમે ત્યારે હથીયારો સાથે ટોળા રચીને નીકળી પડી કાયદો વ્યવસ્થાન ધજ્જીયા ઉડાવતાં હોય છે તે વધુ એક વખત સામે આવ્યું હતું.

# એક જેવી બે ઘટનામાં બે યુવાનો પર પાવડા-પાણકાથી હુમલો થયો

## મારામારીની જગ્યા જુદી પણ માર ખાનારા બંને કડીયા કામ કરે છે, બંને ચા પીવા ઉભા ત્યારે જ ડખ્ખો થયો, કારણ પણ એક સરખુ ગાળાગાળીનું હતું

રાજકોટ, તા. ૧૨

એક સરખા કારણોસર બે મારામારી થઇ હતી. જોગાનુજોગ માર ખાનારા બંને એક સરખુ જ કડીયા કામની મજૂરીનું કામ કરે છે અને મારામારી થઇ એમાં પણ કારણ એક સરખુ એટલે કે ગાળો બોલવા બાબતેનું હતું. વળી જ્યારે બંનેને માર પડ્યો ત્યારે આ બંને ચાની કેબીને-હોટલ પાસે હતાં. જગ્યા અને માણસો અલગ અલગ હતાં પરંતુ ઘટનામાં ઘણી ખરી સામ્યતા હતી. મજાની વાત એ હતી કે હોસ્પિટલમાં આ બંનેના ખાટલા પણ બાજુ બાજુમાં હતાં!



વિગતો જોઇએ તો રૈયાધારમાં મુક્તિધામ નજીક રહેતાં દેવાંગ સુરેશભાઇ સોલંકી નામના ત્રીસ વર્ષના યુવાન પરે રૈયા ચોકડીએ વચ્છરાજ ચા નામની હોટલે ચા પીવા ઉભો હતો ત્યારે કલરકામના કારીગર કાશી ભૈયાએ ઝઘડો કરી પાવડાથી હુમલો કરી માર મારતાં માથા, શરીરે ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. દેવાંગના કહેવા મજુબ તે કડીયા કામ કરી ગુજરાન ચલાવે છે. થોડા દિવસ પહેલા પોતે રેસકોર્ષ પાસે એક સાઇટ પર કડીયા કામ માટે ગયો હતો ત્યારે ત્યાં કાશી ભૈયા કલરકામ માટે આવ્યો હતો. તે વખતે બંને વચ્ચે ગાળાગાળી બોલાચાલી થઇ હતી. દરમિયાન પોતે રૈયા ચોકડીએ ચા પીવા ઉભો હતો ત્યારે અહિ કાશી આવી જતાં ગાળો દેવા માંડતાં તેને ગાળો બોલવાની ના પાડતાં પાવડાથી હુમલો કરી ભાગી ગયો હતો.

બીજી આવી ઘટનામાં શાપર વેરાવળ રહેતાં ત્રીસ વર્ષના અમિત લલીતભાઇ પરમાર નામના યુવાનને તે શાપરના પૂલ નીચે આવેલી કેબીને ચા પીવા ઉભો હતો ત્યારે શાપરના જ કાના નામના શખ્સે આવી ઝઘડો કરી પાણકાનો ઘા કરી માથામાં ઇજા કરતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અમિત પોતે કડીયા કામ કરે છે. તે

અમિતના કહેવા મુજબ તે કડીયા કામની મજૂરી કરે છે. પોતે ચા પીવા ઉભો હતો ત્યારે કાનાએ આવી કારણવગર ગાળો દેવાનું ચાલુ કરતાં તેને ગાળો દેવાની ના પાડતાં તેણે તું શાપર પાટીયાનો ડોન છો? તેમ કહી ઉશ્કેરાઇ જઇ ઢીકાપાટુ માર્યા બાદ પાણકાનો ઘા કરી લીધી હતો. ઇજા થતાં તેને રાજકોટ સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. આમ બંને ઘટનામાં ચાનો થડો-હોટલ, ગાળાગાળી, કડીયા કામ સહિતની બાબતોમાં સામ્યતા હતી.

### વ્હેમના કોઇ ઓસડીયા ન હોય : શંકાનો કીડો સળવળ્યો ને હત્યા થઇ

# ભાઈની મંગેતરનો પ્રેમી હોવાની શંકાએ યુવાનની હત્યા

## ઓગણીસ વર્ષના શખ્સે સરાજાહેર છરીના ઘા ઝીંકી દીધાઃ ઓરોપીને શંકા હતી કે તેના ભાઈની જેની સાથે સગાઇ થઇ છે તેની સાથે મૃતકને પ્રેમ છે, આને કારણે મોતને ઘાટ ઉતારી દીધો

રાજકોટ, તા. ૧૨

રાજ્યમાં રોજેરોજ કોઈને કોઇ કારણોસર કે નહિ જેવા કારણોસર હત્યાની ઘટના બનતી રહે છે. વધુ એક આવી ઘટના સામે આવી છે. જેમાં સગાઇ તૂટવા મામલે અને પ્રેમસંબંધની શંકાને કારણે ક્રુર હત્યા થઇ હતી. સફાઇ કામદાર તરીકે કામ કરતાં યુવાનને સરાજાહેર ચપ્પુના ઘા મારી વેંતરી નખાયો હતો. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઇ તપાસનો ધમધમાટ શરૂ કરી ગણતરીના સમયમાં હત્યારાને પકડી લીધી હતી. જેની ઉમર ઓગણીસ વર્ષની જ છે.

હત્યાની આ ઘટના સુરતના રીંગરોડ પર આવેલા સુરત ટેક્સટાઇલ માર્કેટમાં બની છે. એક સફાઈકર્મીની હત્યાન બનાવ બનવા પામ્યો છે. આ હત્યાનું કારણ કોઈ મોટી અદાવત નહીં પરંતુ, સગાઈ તૂટવાનો વહેમ અને ેમસંબંધની શંકા હતી. સલાબતપુરા પોલીસે હત્યાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલી નાખી ફરાર આરોપીને ઝડપી પાડ્યો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર હત્યાનો ભોગ બનનાર એકવીસ વર્ષનો હતો. તેનું નામ સરદાર ઉર્ફે ચડ્ડા દેવીદાર ચૌહાણ હતું અને તે ડીંડોલીમાં



રેહતો હતો.

વધુ વિતગો મુજબ હત્યાનો ભોગ બનનાર યુવાને ટેક્સટાઇલ માર્કેટમાં સફાઈકર્મી તરીકે કામ કરતો હતો. આ હત્યા પાછળનો મુખ્ય આરોપી મુકેશ મધુકર સકટ જે મહાદેવનગરમાં રહે છે અને ઓગણીસ વર્ષનો છે તેને પોલીસે દબોચી લીધો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો કે આ ઘટનાનું મૂળ એક યુવતી છે. આરોપી મુકેશના ભાઈની સગાઈ જે યુવતી સાથે થઈ હતી, તેની સાથે મૃતક સરદાર ઉર્ફે ચડ્ડા વાતચીત કરતો હતો. આ બાબત આરોપી મુકેશને ખટકતી હતી.

આ કારણે તેને શંકા હતી કે, મૃતક ચડ્ડા અને તે યુવતી વચ્ચે સંબંધ છે, જેના કારણે તેના ભાઈની સગાઈ તૂટી જશે. આ જ શંકાના વહેમમાં મુકેશે ટેક્સટાઇલ માર્કેટના પાર્કિંગ પ્રોજેક્ટની બાજુમાં બ્લોક નંબર ૭ અને ૯ની વચ્ચે, ગેટ નંબર-૫ પાસે જાહેરમાં સરદાર ઉર્ફે ચડ્ડા પર ચપ્પુના જીવલેણ ઘા વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓ થવાના કારણે સરદાર ઉર્ફે ચડ્ડાનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

સરાજાહેર હત્યાની ઘટના બનતાં જ રીંગરોડ વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો નોંધીને તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. હત્યારો મુકેશ મધુકર સકટ હત્યા બાદ ફરાર થઈ ગયો હતો પરંતુ, સલાબતપુરા પોલીસ ટીમે સઘન તપાસના આધારે ગણતરીના કલાકોમાં જ ઓગણીસ વર્ષના આરોપી મુકેશ સકટને ઝડપી પાડ્યો હતો.

પોલીસે મુકેશ સકટની ધરપકડ કરીને આ ગુનામાં કાયદેસરની વધુ કાર્યવાહી હાથ ધરી છે. સફાઈકર્મી જેવા સામાન્ય શ્રમજીવી યુવકની સગાઈ તૂટવાના વહેમમાં હત્યા થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ ગઇ હતી. આમ નહિ જેવી વાતે વધુ એક હત્યા થઇ ગઇ હતી.

# બિમારીથી થાકેલા જયસુખે દીધો જીવ

## બીજી ઘટનામાં મગફળી કાઢવાના મશીન પરથી પડી જતાં પંદર વર્ષના સગીરનું મોત

રાજકોટ, તા. ૧૨

આત્મહત્યાની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં એક યુવાને બિમારીથી થાકી જઇ મોત મેળવી લીધુ હતું. અન્ય એક અપમૃત્યુના બનાવમા પંદર વર્ષના બાળકનું મગફળી કાઢવના મશીન પરથી પડી જતાં મોત થયું છે.

વિગતો જોઇએ તો શહેરના આજીડેમ ચોકડથી આગળ રાજકોટ ભાવનગર હાઇવે પર મહિકા મેઇન રોડ જે.કે. રેસીડેન્સીમાં રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. સાડત્રીસ વર્ષના જયસુખભાઇ બચુભાઇ પરાલીયા નામના યુવાને સવારે ઘરે પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં મોત થયું હતું. બનાવની જાણ થતાં આજીડેમ પોલીસે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી



હતી. આપઘાત કરનાર જયસુખભાઇ ત્રણ ભાઇમાં મોટા હતાં.

આપઘાત કરનાર જયસુખ ભાઇગાડીમાં માલસામાન ચડાવવા ઉતારવાની મજૂરી કરતાં હતાં. તેને સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. બિમારીથી કંટાળી જઇ આ પગલુ ભર્યાનું પરિવારજનોએ કહ્યું હતું. આજીડેમ પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

બીજી ઘટના જોઇએ તો કેશોદના પીપળી ગામે ભરતભાઇએ પોતાની વાડીમાંથી મગફળી ઉપાડવા મશીન સાથે મજૂરોને બોલાવ્યા હોઇ મગફળી કાઢવાના મશીન ઉપરથી અકસ્માતે પડી જતાં મુળ મધ્યપ્રદેશના પંદર વર્ષના ચીમા બલ્લોરસિંગ પટેલને ગંભીર ઇજા થતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ તેનું મોત થઇ ગયું હતું. તે બે ભાઇમાં નાનો હતો. બનાવથી મજૂર પરિવારમાં શોક વ્યાપી ગઇ હતો.

### બાટલા-ઈન્જેકશનના ડોઝ બાદ અર્ધબેભાન થઈ ગયા

# ગાંધીગ્રામના પ્રૌઢને તાવનું રીએક્શન

રાજકોટ, તા. ૧૨

ઘણીવાર બિમારીની સારવાર માણસને વધુ તકલીફમાં મુકી દેતી હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં ગાંધીગ્રામ અંજલી પાર્ક-૩ની સામે રહેતાં યુસુફભાઇ અલીમોહમ્મદ ખીરા નામના પંચાવન વર્ષના નામના પ્રૌઢને સવારે તબિયત બગડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તાવ આવતો હોઇ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન બાટલો ચડાવ્યો હોઇ તેના કારણે રિએક્શન આવ્યાનું જણાવાયું હતું.

વિશેષ વિગતો જોઇએ તો યુસુફભાઇને ત્રણેક દિવસથી તાવ આવતો હોઇ રૈયા રોડ પરના ક્લીનકીમાં સારવાર લીધી હતી અને બાટલો ચડાવ્યો હતો. તેમજ ઇન્જેકશન અપાયા હતાં. આ પછી તેને રીએક્શન આવતાં તબીયત બગડી હતી. રામાપરી ચોકડીએ રિપોર્ટ કરાવવા જતાં તેને સિવિલમાં સારવાર લેવી પડે તેવું કહેતાં તે સારવાર માટે આવતાં દાખલ કરાયા હતાં. તબિબે આ મામલે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસમાં નોંધ કરાવી હતી. યુસુફભાઇને સંતાનમાં એક દિકરો અને ચાર દિકરી છે. પોતે એક બહેન અને બે ભાઇમાં મોટા છે. રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### માધાપર ચોકડી અને ઘંટેશ્વરમાં સેલ્ફ કારનું કામ કરતાં યુવાન અને મહિલા છેતરાયા

# દર્પણે દીધો ડામ : ભાડાની બે કાર ઉઠાવી ગ્યો!

## એક કાર રોજના ૪૫૦૦ના ભાડાથી અને બીજી ૩૦૦૦ના ભાડેથી લઇ ગયો હતોઃ જીપીએસ સિસ્ટમ અને ફોન બંધ કરી દીધાઃ ગાંધીગ્રામ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા.૧૨

જે લોકોને બીજાનું કરી જ નાખવુ હોય છે તેને કોઇપણ પ્રકારનું નડતર આડે આવતું નથી. ગામના ગરીયા ફેરવવાના ઇરાદે નીકળી પડનારા ઠેકઠકાણે વસવાટ કરતાં હોય છે. તેને ઓળખવા મુશ્કેલ હોય છે. શહેરમાં વધુ એક એવી ઘટના બની છે જેમાં સેલ્ફમાં કાર ભાડે લઇ જનારો 'કળા' કરી ગયો છે. આ ગઠીયો એક નહિ પણ એક જ દિવસમાં બબ્બે મોંઘીદાટ કાર ભાડેથી લઇ ગયા બાદ કાર સાથે ગાયબ થઇ ગયો છે.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં કાર ભાડે લઇ જઇ ઠગાઇ કરવાનો વધુ એક બનાવ પોલીસ સુધી પહોંચ્યો છે. જેમાં માધાપર ચોકડી ખાતે ભાગીદારીમાં કાર ભાડે આપવાની પેઢી ચલાવતાં ભાગીદારોની એક થાર કાર અને અન્ય એક વ્યક્તિની અર્ટીગા કાર મવડી પોલીસ હેડક્વાર્ટર પાસે રહેતો શખ્સ એક જ દિવસે અલગ અલગ સમયે ભાડેથી લઇ ગયા બાદ પાછી ન આપતાં ઠગાઇનો ગુનો દાખલ કરી તેને ઝડપી લેવા તપાસ શરૂ થઇ છે. ગાંધીગ્રામ પોલીસે રેલનગર સોસાયટી-૪ રાધીકા ડેરીની સામેની શેરી બ્લોક નં. એ-૧૩૯માં શક્તિ કૃપા ખાતે રહેતાં અને માધાપર ચોકડીએ રાજા મોમાઇ સેલ્ફ કાર નામે પેઢી ચલાવતાં હરપાલસિંહ વિક્રમસિંહ ઝાલા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી હેડક્વાર્ટર પાસે રીવેરા




હોમ્સ ફ્લેટ નં. ૩૦૧ ખાતે રહેતાં દર્પણ મનસુખલાલ મણવર વિરૂધ્ધ એફઆઇઆર નોંધવામાં આવી છે.

ભોગ બનેલા હરપાલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે મારી સાથે ભાગીદાર તરીકે યુવરાજસિંહ અર્જુનસિંહ ઝાલા, રવિભાઇ સુરેશભાઇ અગ્રાવત અને મુકેશભાઇ સાગઠીયા છે. અઠવાડીયા પહેલા ભાગીદાર યુવરાજસિંહે મને કહેલુ કે મવડી હેડક્વાર્ટર પાસે રહેતાં દર્પણ મણવરને થાર ગાડી એક દિવસ માટે ભાડે આપવાની છે. આ પછી બીજી નવેમ્બરના બારેક વાગ્યે દર્પણ અમારી માધાપર ચોકડીની પેઢી ખાતે આવ્યો હતો. વાતચીત બાદ મેં અમારા ભાગીદાર રવિભાઇ અગ્રાવતના સગા રાજેશભાઇ નિમાવતની જીજે૦૯બીએમ-૦૦૦૨ નંબરની થાર રૂા. ૪૫૦૦ના એક દિવસના ભાડેથી તેને આપી હતી.

આ કારની સામે સિક્યુરીટી પેટે ડ્રાઇવીંગ લાયસન્સની નકલ, એચડીએફસી બેંકના ચેક, લાઇટબીલ, આધારકાર્ડની નકલ મને આપી હતી. દર્પણ થાર ગાડી લઇ ગયા બાદ બીજા દિવસે તે ગાડી પાછી આપવા ન આવતાં અમે તેણે આપેલા અલગ અલગ નંબરો પર ફોન કરતાં તેનો ફોન બંધ આવતો હતો. એ પછી ૪/૧૧ના રોજ અમારી ગાડીનું જીપીએસ પણ બંધ થઇ ગયું હતું. આથી મેં જે જે અમારા મિત્રો સેલ્ફમાં ગાડી આપતા હોય છે તેને વાત કરી હતી.

આ પછી અમે તપાસ કરતાં ખબર પડી હતી કે ઘંટેશ્વર પચ્ચીસ વારીયા પાસે રહેતાં ગીતાબેન મનુભાઇ ચૌહાણની અર્ટીગા જીજે૦૩એલએમ-૫૪૪૬ પણ દર્પણ ત્રીજી નવેમ્બરનાના રોજ સવારે પાંચ વાગ્યે ઘંટેશ્વર ૨૫ વારીયા પાસેથી ૩૦૦૦ના ભાડેથી લઇ ગયાનું અને તેમાં પણ જીપીએસ બંધ કરી દીધાનું જણાયું હતું. આમ દર્પણ એક જ દિવસમાં બે કાર ભાડેથી લઇ જઇ ગાડી સાથે ગાયબ થઇ ગયો હતો. ગાંધીગ્રામ પોલીસ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એસ. આર. મેઘાણીના રાહબરીમાં હેડકોન્સ. પી. જી. ગોહિલે ગુનો દાખલ કરતાં પીએસઆઇ ટી. ડી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે. અગાઉ પણ રાજકોટમાં આ પ્રકારની ઘટનાઓ બની ચુકી છે જેમાં કાર ભાડેથી લઇ ગયા બારોબાર ગીરવે મુકી દઇ રોકડી કરી લેવાઇ હતી અથવા તો બીજા શહેરોમાં જઇ આ કારને વેંચી નાખવામાં આવી હતી.

## જનરલ બોર્ડમાં ભાજપને ભીડવવા કોંગ્રેસની તૈયારી




# ફ્લાવરબેડ-TPના પ્રશ્ને જનરલ બોર્ડ બની શકે છે તોફાની?

### ઘણા સમય બાદ વિપક્ષને પ્રથમ પ્રશ્ન પૂછવાનો મળ્યો મોકો : બેઠક રોમાંચક બની રહે તો નવાઈ નહીં : નગરસેવકો દ્વારા પુછાયા ૨૫ પ્રશ્નો

રાજકોટ તા. ૧૨

રાજકોટના વિકાસ માટે જો કોઈ મહત્વ પણ ચર્ચા થતી હોય તો તે મહાનગરપાલિકા નું જનરલ બોર્ડ માનવામાં આવે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી ભાજપના નગરસેવકો દ્વારા સરકારી પ્રશ્નો પૂછવામાં આવતા એક કલાકની અંદર એક જ પ્રશ્નના જવાબનું રટણ કરી બોર્ડ બેઠક પૂર્ણ કરી દેવામાં આવતી અને વિપક્ષો દ્વારા માત્ર હલાબોલ જ કરવામાં આવતો જેથી રાજકોટના વિકાસ માટે એક પણ નક્કર નિર્ણય અથવા તો કોઈ નક્કર વાત કરવામાં આવતી ન હતી પરંતુ સદ્નસીબે રાજકોટના વિકાસ માટે આ વખતે પ્રથમ પ્રશ્ન જે મંજૂર કરવામાં આવ્યો છે તે વિપક્ષી નેતાનો છે ત્યારે આશા છે કે આ વખતની જનરલ બોર્ડ અત્યંત રોમાંચક બની રહેશે અને ખરા અર્થમાં સત્તાધીશો દ્વારા કયા પ્રકારની કામગીરી કરવામાં આવી છે તે અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થશે.

એટલું જ નહીં જાણકાર વર્તુળો દ્વારા એવી પણ શક્યતાઓ જોવામાં આવી રહી છે કે જો વિપક્ષને પ્રથમ પ્રશ્ન પૂછવાનો હક મળ્યો છે તો શું અધિકારી દ્વારા તેમના પ્રશ્નોનો એક કલાક જવાબ આપવામાં આવશે કે ગણતરીની મિનિટોમાં તેને પૂર્ણ કરી દેવાશે હાલ સત્ય હકીકત શું છે તે ૨૦ તારીખે જ માલુમ પડશે. પરંતુ આ વખતે વિપક્ષી નેતા વશરામ સાગઠીયા ને પ્રથમ પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવી છે. જેમાં ફ્લાવર બેડ સહિતના મુદ્દે શાસક પક્ષ અને અધિકારીઓ દ્વારા જવાબ આપવાનો રહેશે જે અત્યંત જોખમી અને સમય માંગી લે તેઓ છે. કારણ કે આજ દિન સુધી પદાધિકારીઓ દ્વારા પૂછવામાં આવતા પ્રશ્નોના માત્ર બેઠા જવાબ આપવામાં આવતા હતા ત્યારે હવે નક્કર માહિતી સાથે જવાબ આપવા પડશે.

મહાનગરપાલિકાનુ જનરલ બોર્ડ આગામી તા.૨૦ના રોજ મળનાર છે. કોર્પોરેટરોની પ્રશ્નોતરીમાં આ વખતે વિપક્ષીનેતા વશરામભાઇ સાગઠીયાનો પ્રથમ નંબર આવતા ફલાવર બેડ સહિતના મુદ્દે શાસક પક્ષ અને અધિકારીઓને જવાબ આપવામાં પરસેવો વળશે તેવુ લાગી રહ્યુ છે. ઘણા સમયથી પ્રશ્નોતરીમાં વિપક્ષના સભ્યનો વારો આવતો ન હતો. પરંતુ આ વખતે ચાન્સ લગાડવામાં આવ્યો હોય કે કુદરતી રીતે વશરામભાઇને મોકો મળ્યો છે અને તેમના પ્રશ્નોનો પણ મજબૂત હોવાથી જનરલ બોર્ડ ઘણા સમય બાદ ફરી વખત ગાજે તેવા એંધાણ વર્તાઇ રહ્યા છે. ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો દ્વારા ૧૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. જયારે એજન્ડામાં ૧૨ દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવામાં આવી છે.

મનપાના આગામી જનરલ બોર્ડમાં વિપક્ષી નેતાનો પ્રશ્ન પ્રથમ પૂછવામાં આવનાર છે અને તેમનો પેટા પ્રશ્ન પણ મજબૂત હોવાથી ખરેખર શહેરીજનોને આ વખતે જનરલ બોર્ડમાં મનપામાં થતી કામગીરી જાણવા મળશે. વિપક્ષી નેતા વશરામભાઇ સાગઠીયા દ્વારા રાજકોટમાં આકિટેકશન પ્રોજેક્ટ (ફ્લાવર બેડ)ના કારણે ઇ.ગ.ઇ.(કમ્પ્લીસન) સર્ટિફિકેટ અટકાવાયા હોય તેવા બિલ્ડીંગ પ્રોજેક્ટ ની કુલ સંખ્યા કેટલી છે જેની સંપૂર્ણ વિગતો વોર્ડ વાઇઝ અને વિસ્તાર તેમજ બિલ્ડીંગ પ્રોજેક્ટના નામ સાથે જણાવવા કહ્યું છે. ફ્લાવર બેડ વાળા બિલ્ડીંગ રેગ્યુલરાઈઝ કરવાની કાર્યવાહી કરવા શહેરી વિકાસ વિભાગે તારીખ ૧૮ ઓક્ટોબર ૨૫ના રોજ હુકમ કર્યો હોવા છતાં આ અંગેની કામગીરી તારીખ ૧૧ નવેમ્બર ૨૫ સુધી શા માટે શરૂ કરવામાં આવી નથી તેની સંપૂર્ણ વિગતો આપશો તદઉપરાંત આ કામગીરી ક્યારે શરૂ થશે અને તે માટે ટાઉન પ્લાનિંગ બ્રાન્ચમાં શુ વ્યવસ્થા નિર્માણ કરેલ છે તે પણ જણાવશો? અને જો નિર્માણ ન કરાય હોય તો શા માટે નિર્માણ કરાય નથી તેની સંપૂર્ણ વિગતો તથા રાજકોટની હદ માં નવા ગામો ભર્યા બાદ રાજકોટ શહેરની હદ ક્યાં સુધી વિસ્તરી છે? પૂર્વ પશ્ચિમ ઉત્તર અને દક્ષિણ દિશામાં રાજકોટની હદ ક્યાં સુધી આવે છે? તેની સંપૂર્ણ વિગતો માઇલ સ્ટોન સાથે જણાવશો.

મનપાના જનરલ બોર્ડમાં એજન્ડા રજૂ કરવામાં આવ્યો છે. જેમાં ૧૨ દરખાસ્ત પૈકી શીતલપાર્ક રોડ પહોળો કરવા માટે કપાતમાં આવતી મિલકતો પૈકી એક ખાસ મિલકતને વળતર આપવામાં જૂથવાદ નડી ગયોની ચર્ચા જાગેલ અને લાંબા સમય પેન્ડિંગ રાખયા બાદ અંતે સ્ટેન્ડિંગમાં મંજૂરી આપવામાં આવી હતી અને આ દરખાસ્તને જનરલ બોર્ડમાં મુકવામાં આવી છે. તેમજ ડે.કમિશનર તરીકે એચ. આર.પટેલની નિમણુક સિલેક્શન કમિટિએ ફાઇનલ કરતા મંજૂરી માટે દરખાસ્ત જનરલ બોર્ડમાં રજૂ કરવામાં આવી છે.

## નગરસેવકોએ પુછેલા પ્રશ્નોની યાદી

| | | | |
|---|---|---|---|
| વશરામભાઈ સાગઠિયા | ૩ | પ્રીતિબેન દોષી | ૧ |
| વિનુભાઈ સોરઠિયા | ૨ | આશાબેન ઉપાધ્યાય | ૧ |
| કાળુભાઇ કુગસીયા | ૨ | વિનુભાઈ ઘવા | ૨ |
| દુર્ગાબા જાડેજા | ૧ | વર્ષાબેન પાંધી | ૧ |
| જયશ્રીબેન ચાવડા | ૧ | મીનાબા જાડેજા | ૧ |
| સુરેશભાઇ વસોયા | ૨ | કોમલબેન ભારાઈ | ૨ |
| પરેશભાઈ ડી પીપળીયા | ૨ | મકબૂલભાઈ દાઉદાણી | ૩ |
| ડો. રાજેશ્રી ડોડીયા | ૧ | **કુલ** | **૨૫** |

# મનપાના સ્થાપના દિવસની ઉજવણીમાં CMની ઉપસ્થિતિ

### ૫૫૦ કરોડના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્તની રાજકોટવાસીઓને મળશે ભેટ, સાંજે યોજાશે મ્યુઝિકલ નાઈટ

રાજકોટ, તા. ૧૨

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ફરી વખત બુધવારે રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે જ્યાં તેઓ ૫૫૦ કરોડના વિકાસ કામોની રાજકોટને ભેટ આપશે ત્યારે મુખ્ય મંત્રીની રાજકોટ મુલાકાત મહાનગરપાલિકાની ચૂંટણીઓ માટે ખૂબ મહત્વની માનવામાં આવી રહી છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન નો સ્થાપના દિન ૧૯ નવેમ્બરના રોજ યોજાય છે ત્યારે આ વખતે અનેક લોકાર્પણ તથા ખાતમુહૂર્તના કામ મુખ્યમંત્રી દ્વારા હાથ ધરવામાં આવશે અને તેની ભેટ રાજકોટ વાસીઓને આપવામાં આવશે. હાલ સત્તાવાર જાહેરાત આ અંગે કરવામાં આવી નથી પરંતુ ત્રણે ઝોનમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે એટલું જ નહીં બે વર્ષ પહેલાં નાણાવટી ચોક પાસે સંતોષ પાર્ક મેઇન રોડ ઉપર અધ્યતન કોમ્યુનિટી હોલ નું નિર્માણ કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું હતું. જે હવે લોકોને ભેટ સ્વરૂપે અપાશે એટલું જ નહીં ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આધુનિક કોમ્યુનિટી હોલ ની ભેટ પણ આપવામાં આવનાર હોવાનું હાલ સૂત્રો જણાવી રહ્યા છે. તો બીજી તરફ આવાસ યોજનાના ડ્રો પણ હાથ ધરવામાં આવશે.

રવિવારે સાંજે મુખ્યમંત્રી રાજકોટના મહેમાન બને તેવી વાત હાલ ચાલી રહી છે જોકે સભા સહિતની કોઈ વિગતો હજુ સુધી પ્રસિદ્ધ થઈ નથી ત્યારે સંતોષ પાર્ક મેઇન રોડ પર બનેલા હોલના લોકાર્પણ સહિતના કાર્યક્રમમાં મુખ્યમંત્રી સહભાગી થશે તેવું જણાઈ રહ્યું છે. સ્થાપના દિને તંત્ર દ્વારા શહેરીજનોને નવા પ્રોજેકટોની ભેટ આપવા મુખ્યમંત્રીએ કોર્પોરેશનના આમંત્રણનો સ્વીકાર કરતા લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામોની



યાદી તૈયાર કરવામાં આવી છે. તમામ ખાતમુહૂર્ત અને લોકાર્પણની યાદી બનાવી લેવામાં આવી છે. અંતિમ મંજૂરી અને સત્તાવાર કાર્યક્રમની હજુ કલેકટર અને કોર્પો. તંત્ર રાહ જોઇ રહ્યા છે. આ દિવસ રેસકોર્સ મેદાનમાં રાત્રે બોલીવુડ સંગીત સંધ્યાનું પણ આયોજન કરાયું છે. જોકે તેમાં મુખ્યમંત્રી હાજર નહીં રહે. રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઇ વાઘાણીના હસ્તે આ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણેયઝોનમાં કોમ્યુનિટી હોલ બનાવવામાં આવ્યા છે. મધ્યવર્ગીય પરિવારો પોતાના પ્રસંગો ઓછા ખર્ચે ઉજવી શકે તેવુ આયોજન મનપાએ કરેલ છે. બે વર્ષ પહેલા નાણાવટી ચોક પાસે સંતોષ પાર્ક મેઇન રોડ ઉપર અદ્યતન કોમ્યુનિટી હોલનુ નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યુ હતું. જે હવે પૂર્ણ થઇ જતાં મનપાના બાંધકામ વિભાગ દ્વારા આ કોમ્યુનિટી હોલનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે કરવા માટેની તૈયારીઓ આરંભી છે. આથી શહેરીજનોને ૧૫૦ ફૂટ રીંગ રોડ પર વધુ એક આધુનીક કોમ્યુનિટી હોલની ભેટ મળશે. બીજી તરફ ૨૦૨૬ માં મહાનગરપાલિકાની ચૂંટણીઓ યોજવાની છે ત્યારે મુખ્યમંત્રીની રાજકોટ મુલાકાત પણ ઘણી ખરી મહત્વની માનવામાં આવી રહી છે. મુખ્યમંત્રી દ્વારા ઘણા ખરા પ્રોજેક્ટ ના લોકાર્પણ કરવામાં આવ્યા છે આ પ્રોજેક્ટ પૂર્ણતાના આરે પહોંચી ગયા છે અને ઘણા ખરા પ્રોજેક્ટ તો હાલ પ્રગતિ હેઠળ છે ત્યારે આ મુલાકાત દરમિયાન આવાસ યોજનાના ડ્રો તથા ખાતમુહૂર્તના કાર્યક્રમો પણ યોજાય તેવું જણાઈ રહ્યું છે. હાલ મહાનગરપાલિકા અને કલેક્ટર તંત્ર મુખ્યમંત્રીના સત્તાવાર કાર્યક્રમની વાટ જોઈ રહ્યું છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અન્ન પુરવઠાની સ્થિતિ કથડી

### અધિકારીઓ તથા કોન્ટ્રાકટરોની મિલીભગતના કારણે લાભાર્થીઓ હેરાન પરેશાન : મહિનાના પ્રથમ સપ્તાહમાં જ અનાજ મળી રહે તે જરૂરી

રાજકોટ, તા. ૧૨

અન્ન પુરવઠા ને લઈને હાલ રાજકોટ શહીદ સમગ્ર રાજ્યમાં સ્થિતિ કથળી ચૂકી છે એક તરફ સરકારે કહે છે કે નવેમ્બર મહિના માટેનો જથ્થો લાભાર્થીઓ માટે મોકલી આપવામાં આવ્યો છે તો બીજી તરફ ઘણા ખરા જિલ્લાઓમાં કે પછી કહી શકાય કે શહેરોમાં એ પુરવઠાનો છટ્ઠો મળ્યો નથી અને લોકો હેરાન પરેશાન થઈ ચૂક્યા છે ત્યારે આ અંગેની જવાબદારી કોણ સ્વીકારશે તે પણ સૌથી મોટો પ્રશ્ન છે. રાજ્યમાં અન અને નાગરિક પુરવઠા નિગમ દ્વારા જાને લુકાછૂપી ખેલાતી હોય તેવું પણ જણાઈ રહ્યું છે એટલું જ નહીં વિવિધ એજન્સીઓને સોંપવામાં આવેલી જવાબદારી જે રીતે નિભાવવામાં આવી જોઈએ તે જોવા મળતી નથી અને પરિણામ સ્વરૂપે કોન્ટ્રાક્ટરો ની લાલિયા વાડીના કારણે લાભાર્થીઓએ હેરાન થવું પડે છે. હજુ પણ ઘણા ખરા શહેરો તથા જિલ્લાઓમાં કોન્ટ્રાક્ટ પૂર્ણ થઈ ગયો હોય તો પણ યથાવત રીતે તેને ચલાવવામાં આવી રહ્યો છે જે યોગ્ય છે.

દર મહિને અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરો સસ્તા અનાજના દુકાનદારો તથા ગરીબ જરૂરિયાતમંદ રેશનકાર્ડ ધારકો ને હેરાન કરતા હોય તેવું જણાતું હોય છે વિવિધ એજન્સીઓના કોન્ટ્રાક્ટરોની તાનાશાહી સામે નિગમ પાસે કોઈ બીજી વ્યવસ્થા નથી જેનો તે ઉપયોગ કરી શકે. સાથોસાથ સર્વર ધીમુ ચાલતા હોવાના પણ અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે તો સામે અધિકારીઓની વહીવટી સરળતા માટે ડબલ ફિંગર પ્રિન્ટ નો નિર્ણય છે તે પણ અત્યંત જટિલ છે હાલ એને લઈને પણ સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જે પગલાં લેવામાં આવી રહ્યા છે અને હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેને જોતા આગામી સમયમાં શું પગલાં લેવામાં આવશે અને તંત્ર આ બાબતે કોઈ નક્કર કામગીરી કરશે કે કેમ તે પણ હાલ સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે.

એક તરફ સરકાર ઉત્તમ આયોજનની વાત કરી રહ્યું છે તો બીજી તરફ તેઓ એક પણ મહિનો ગયો ન હોય કે મહિનાની શરૂઆતમાં જ લાભાર્થીઓને પૂરતું અનાજ મળી રહે ત્યારે



આ અંગે સરકાર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. લાભાર્થીઓ માટે મહિનાનું પ્રથમ સપ્તાહ અત્યંત મહત્વનું હોય છે ને તે સમયમાં જ તેઓ અનાજ મળી જાય તેવું ઇચ્છતા હોય છે પરંતુ આજ દિન સુધી તેઓને તે લાભ મળ્યો નથી તેની પાછળ અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટરોની મીલીભગત કારણ છે.

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ ગરીબ અને જરૂરિયાત મંદ લાભાર્થીઓને દર મહિનાની પહેલી તારીખથી અનાજ મળવાપાત્ર હોવા છતાં અને રાજ્યના પુરવઠા નિગમ દ્વારા અનાજ વિતરણની ૪૫ દિવસની સાયકલ ચલાવવામાં આવતી હોવા છતાં એક પણ મહિને એક પણ દુકાનેથી વહેલી તારીખે અનાજનું વિતરણ થઈ શકતું નથી આ પણ એક મોટી નિષ્ફળતા છે જેને ઊચ્ચ અધિકારીઓ અને સ્વંમ સરકાર તરફ થી નજરઅંદાજ કરવામા આવે છે.કરોડો રુપીયાનુ આંધણ આ પીડીએસ સિસ્ટમ પાછળ કરવામા આવતુ હોવા છતા દર મહિને લબાળવેળા લાલીયાવાડી ચાલતી જ રહે છે સપ્લાયરો લેબર કોન્ટ્રાક્ટ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટ અને ડીએસડી કોન્ટ્રાક્ટ દ્વારા કંઈક ને કંઈક ખેલ ચાલુ જ હોય છે પુરવઠા નિગમ દ્વારા જે નીતિ નિયમો અને સિસ્ટમ બનાવવામાં આવી છે એનું ક્યાંય પાલન થતું નથી.

વાજબી ભાવના દુકાનદારો અને જરૂરિયાત મંદ રેશનકાર્ડ ધારકો પર ધૂંશ બોલાવતા આ અધિકારીઓ વિવિધ એજન્સીજના કોન્ટ્રાક્ટર પાસે મ્યાઉની મીંદડી બની જાય છે જાણે આ કોન્ટ્રાક્ટર્સ જ સર્વે સર્વા હોય એવો એનો હાવ હોય છે. પોતાની જ સરકારના સાંસદ ધારાસભ્ય દ્વારા અનાજની ગુણવત્તા બાબતે વારંવાર ઉઠાવવામાં આવતા સવાલો છતાં પણ અનાજની ગુણવત્તા અને સમ ભરતીમાં કોઈ સુધારો થતો નથી! દર વખતે નિગમ અને કોન્ટ્રાક્ટર્સ ની સરળતા માટે આ સિસ્ટમમાં છીંડાઓ પાડી અને સિસ્ટમ ચલાવવામાં આવી રહી છે જુદા જુદા કોન્ટ્રાક્ટ પૂરા થઈ ગયા ને આજે આઠ મહિના જેવો સમય વીતી ગયો છતાં પણ નવા કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યા નથી આની પાછળ વિભાગ કે સરકારની મુરાદ હોઈ શકે એ પણ વિચારવા જેવું છે. પુરવઠા વિભાગની લાલીયાવાડી બંધ થાય પેધી ગયેલા કોન્ટ્રાક્ટર્સની તાનાશાહીનો અંત આવે તો વ્યાજબી ભાવના દુકાનો ખાતે સમયસર જથ્થો પહોંચે અને ગરીબ અને જરૂરિયાત મંદ રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ મળે અને એમનો ચૂલો ચાલુ રહે.